# ઝેરી ઝવેરી.

(વાંચો) સચિત્ર ,, ડિટેક્ટીવ ,, કિં. ૦-૧૦-૦



બુકસેલર રણછોડલાલ મોતીલાલ શાહ, રીચીરોડ—અમદાવાદ.

આ ... છાપ્યું પ્રોગ્રેસીવ પ્રેસમાં ... રીચીરોડ—અમદાવાદ

# (વાંચો) સચિત્ર ધાર્મીક પુસ્તકો.

નરસીંહ મહેતા ભાગ ૧-૨
સચિત્ર દરેકના ૦-૧૦-૦
મીરાંબાઇ ભાગ (૧-૨)
સચિત્ર દરેકના ૦-૧૦-૦
રામલીલા ભાગ ૧-૨
સચિત્ર દરેકના ૦-૧૦-૦
વીણાવેલી ભાગ ૧-૨
સચિત્ર દરેકના ૦-૧૦-૦
સતિ દ્રાપદી સચિત્ર ૦-૧૦-૦
મદાલસા ભાગ ૧-૨ સંપુર્ણ
સચિત્ર કીં ૦-૧૦-૦
રાજ કહીઆરો ૧—૪-૦
રક્ષક કે ભક્ષક? ૦-૧૦-૦
સતિ સીતા સચીત્ર ૦-૧૦-૦
પતિનારાયણ વ્રત ૦—૬-૦
સત્યનારાયણની કથા ૦-૬-૦
સદ્‌ગુણી વારાંગના ૦-૧૦-૦
બત્રીસ પુતળીમાંની જુદી
જુદી વાર્તા ૧-૧૦ ભાગ
સચિત્ર દરેકની કીં. ૦-૮-૦
કામલત્તા સચીત્ર ૦-૮-૦
સમાજનો શીકાર ૦-૧૦-૦

સત્યવાદી હરિશ્ચંદ્ર ને તારા-
મતી સચિત્ર ૦-૧૦-૦
ચિતોડનો કરણ કીં. ૦-૮-૦
પ્રતાપી પ્રમિલા કીં. ૦-૮-૦
રૂપિરાજનાં પદ કીં. ૦-૮-૦
ચતુર સ્ત્રી વિલાસ ગરબાવળી
(લગનનાં ગીત સાથે) ૦-૮-૦
જુલ્મી જનેતા યાને પરિવર્તન
સચીત્ર ૦-૧૦-૦
હિંદુ સંસાર સચીત્ર ૦-૧૦-૦
જીવતી ચૂડેલ સચીત્ર ૦-૮-૦
રાજા હરિશ્ચન્દ્ર હરિગીતમાં
સચીત્ર ૦-૬-૦
બોડાણા ભાગ ૧-૨
સચીત્ર દરેકના ૦-૬-૦
પવિત્રકુમાર સચીત્ર ૦-૧૦-૦
પારસમણી ૧૯૨ પાનાં ૦-૧૦-૦
,, મોટી ૨૫૬ પાનાં ૦-૧૦-૦
ભક્તશીરોમણી પાનાં ૧૯૨
કીં. ૦-૧૦-૦
ઝેરી ઝવેરી ૦-૧૦-૦
એકજ પૈસો કીં. ૦-૮-૦

गूजरात विद्यापीठ ग्रंथालय
[ गुजराती कॉपीराअिट विभाग ]

अनुक्रमांक ૧૨૩૮૯ वर्गांक

पुस्तकनुं नाम ઝેરી ઝવેરી

विषय ૬ - : ૩

સરળ વાર્ત્તામાળા મણકો પહેલો

॥ ૐ ॥

# "ઝેરી ઝવેરી."

(એક ડીટેકટીવ નવલકથા.)

(અદ્ભુત રસથી ભરપુર.)

લેખક:
-મંગળ-
[illegible]લાલ ત્રિભુવનદાસ ઠક્કર.

પ્રકાશક:
રણછોડલાલ મોતીલાલ શાહ.
(ચોકસી) અમદાવાદ.

(સર્વાધિકાર પ્રકાશકને સ્વાધીન છે)

પ્રથમાવૃત્તિ: સને ૧૯૨૫
પ્રત [illegible] સંવત ૧૯૮૧.

મુલ્ય ૦—૬—૦

મનહર પ્રિ. પ્રેસમાં
મોતીલાલ ગણપતરામે છાપ્યું
પાનકોર નાકા—અમદાવાદ

ગ્રંથાલય
અમદાવાદ
૨૨૩૯૧
ગુજરાતી કૉપીરાઇટ સંગ્રહ

# નવીન સચિત્ર પુસ્તકો.

| | |
|---|---|
| સચિત્ર દયાની દેવી | ૦—૬—૦ |
| જુલ્મી જનેતા | ૦—૧૦—૦ |
| હિંદુ સંસાર | ૦—૧૦—૦ |
| કોણ ચાલાક ? | ૦—૧૦—૦ |
| સત્યવાદી હરિશ્ચન્દ્ર ને તારામતી | ૦—૧૦—૦ |
| જીવતી ચુડેલ | ૦—૮—૦ |
| પવિત્ર કુમાર | ૦—૧૦—૦ |
| શોભના | ૦—૬—૦ |
| પતિ નારાયણ | ૦—૬—૦ |
| સતિલીલાવતી(હરિગીતમાં) | ૦—૬—૦ |
| હરિશ્ચન્દ્ર (હરિગીત) | ૦—૬—૦ |
| કૃષ્ણ સુદામા | ૦—૧૦—૦ |
| બત્રીસ પુતળાંની જુદી જુદી વાતો ભાગ દશ દરેકના | ૦—૧૦—૦ |
| બોડાણો ૧ લો | ૦—૬—૦ |
| ,, ૨ જો | ૦—૬—૦ |
| રણછોડલીલા ૧ લો | ૦—૬—૦ |
| ,, ૨ જો | ૦—૬—૦ |

॥ ॐ શાંતિમિત્રઃ ॥

# "ઝેરી ઝવેરી."

( એક ડીટેકટીવ નવલકથાઃ )

[ અદ્ભૂત રસથીભરપુર. ]

## પ્રકરણ પહેલું.

"દેવાદાર."

શિયાળાની રાત્રિ હતી. આકાશ સ્વચ્છ હતું. ચન્દ્રમા પોતાના શ્વેતરશ્મિ ધરિત્રી ઉપર ફેંકી રહ્યો હતો. તારામંડળ, તારાનાથની છાંયામાં રહીને પ્રકાશયુક્ત રાત્રિમાં ચમકી રહ્યું હતું. રોઈરોઈને થાકેલા અર્ભકની પેઠે આકાશ શાંત હતું. પવનમંદગતિએ વાતો હતો. પરંતુ કવચિત્ કવચિત પ્રબળ સુસવાળા મારી દેતો હતો, જોકે માઘ માસના જેવી સખ્ત ઠંડી નહતી; પરંતુ માર્ગશિર્ષ માસની શુકલપક્ષની ચતુર્દશીની રાત્રિ હોવાથી નૈસર્ગિક નિયમાનુસાર સાધારણ ઠંડી તો હતીજ ગરમ શાલકે અગ્નિવડે માનવો, ઠંડીને દૂર

કરવાના પ્રયત્નો કરતા હતા. રસિકદંપતીઓ એવી કૃત્રિમતાવડે ઠંડીને દુર કરવાનું પસંદ ન કરતા હોવાથી અન્યોન્ય હૃદયા લિંગનવડે ઠંડીને હઠાવતા હતા.

રાત્રિના નવ વાગ્યાનો સમય હતો. સારંગપુરના એક જાહેર રસ્તા ઉપર રામચંદ્ર ઝવેરી પોતાની દુકાનમાં નામું ઠામનો બેઠો હતો. આસપાસની દુકાનો આઠ વાગતાંજ બંધ થઈ ગઈ હતી. પરન્તુ રામચંદ્ર ઝવેરી નામું લખવાના કાર્યમાં ગુંથાયલો હોવાથી દુકાન ખુલ્લી રાખી રહ્યા હતો. દુકાનના ઓટલા ઉપર ગોઠવેલા કપાટના હીરા–મોતી–નિલમ તેમજ સુવર્ણ દાગીનાઓ પડેલા હતા. ચંદ્રમાના શ્વેત કિરણોએ કપાટ ઉપર પડતા હતા, અને કપાટની અંદરની કિંમતી વસ્તુઓ પોતાના ચમત્કારમાં વધારો કરતી હતી. દુકાનમાં ઝવેરી એકલોજ હતો. ગહન વિચારમાં તે મસ્તકને હાથ ટેકવી, પાસે પહોળા પડેલા ચોપડામાં એકાગ્ર દ્રષ્ટિથી જોઈ રહ્યો હતો. શરીરના હલનચલન વિનાની એ મૂર્તિ સજીવ છે કે નિર્જીવ એ સમજવું મુશ્કેલ થઈ પડે એમ હતું. આંખના પલકારા સુદ્ધાં બંધ હતા. ઝવેરી અત્યારે શા વિચારમાં લીન થયો હશે કે એક પાષાણ પુતળા જેવા નિશ્ચેતનવત્ સ્થિર થઈ ગયો દેખાય છે?!

દુકાનમાં શાંતિ હતી. ઘડીયાળનો ટક્‌ટક્‌ અવાજ એ શાંતિનો ભંગ કરતો હતો. ઝવેરી, વિચાર કરતો બેઠો હતો, અને ઘડીયાળમાં દશના ટકોરા થયા, ઝવેરી ચમક્યો! “દશ વાગ્યા! બહુ મોડું!”

ઝવેરીનો વિચારનો વેગ શમી ગયો. ચોપડા યથાસ્થિત ગોઠવી દીધા. તિજોરી બંધ કરી કુંચીઓ ગજવામાં મૂકી. અને ઉઠવાની તૈયારી કરતો હતો; ત્યાં દુકાન આગળ એક વિકટોરીઆ આવી ઉભી. ઝવેરીની આંખો પહોળી થઈ. કપાળમાં કરચલીયો પડી. તેણે અનુમાન કર્યું: "આટલી મોડી રાત્રે આ કોણ આવ્યું હશે! કાંઈ ઝવેરાત કે દાગીના—"

"કેમ છો ઝવેરી?" વિકટોરીયામાંથી ઉતરતા એક માણસે કહ્યું: આવનાર માણસનું મ્હોડું ગોળ હતું. આંખો ઉંડી પેસી ગયેલી હોવાથી તેણે ચાચાજુદા બહુ કર્યા હોય એમ કલ્પી સકાતુ હતુ. બાહુ લઠ્ઠ જેવા હતા. મસ્તક ઉપરના શ્વેત મિશ્રિત શ્યામ વાળ, ઍંગ્લોર ટોપીમાં સંતાડી દીધા હતા. કડક કૉલર પહેરેલ હોવાથી ડોક સજ્જડ રહેતી હતી. ઉંચી કિંમતનો કોટ, બારીક ધોતીયું અને બોલતા બુટ પહેરેલા હતા. હાથમાં એક મજબુત લાકડી રાખી તેણે પોતાના રૂવાબમાં વધારો કર્યો હતો.

રામચંદ્ર ઝવેરી, આવનાર માટે પુરે અનુમાન ન કરી શકયો, ત્યાંજ આવનારના શબ્દો તેના કર્ણ પ્રદેશપર આથડયા. આવનારને જોઈ તે અવાક્ થઈ ગયો. મ્હો પહોળું થઇ ગયું. હૃદય ધડકવા લાગ્યું. છતાંપણ પોતાની સ્થીતિ, આવનાર ન કળી જાય એટલા માટે તરત ખુંખારો મારી ઉત્તર આપ્યું: "સારૂ છે ભાઈ! આવો."

આવનાર માણસ સોફા ઉપર બેઠો. અને રામચંદ્ર

ઝવેરીના મ્હોડા સામું જોઇ તે બોલ્યોઃ "ઝવેરી! હવે બહુ વખત થયો. આજે તો રૂપિઆ આપોજ."

"આજે સવડ નથી!" રામચંદ્રે કહ્યું" અને ઉમેર્યું! "કદાચ દિવસે આવ્યા હોત તો સવડ કરી આપત!"

"એ ભૂલ!" આવનારે કહ્યુંઃ "અત્યારે શું કરો છો?" ઝવેરી મ્હોં ઠાવકું રાખી બોલ્યોઃ "સવડ નથી!"

"આ નહિ ચાલે સમજ્યા!" આવનારે જરા કડકાઈ દેખાડવા માંડી! "મને પૈસાની ઘણીજ જરૂર છે. ચાલો આપો."

"ભલામાણસ! કહું છું કે અત્યારે સવડ નથી! પછી 'ચાલો—આપો.' આ શું?" રામચંદ્ર પણ રૂવાબથી બોલ્યો

"એમ તો વર્ષોનાવર્ષો સવડ નહિ થાય પછી? શું અમારે ધક્કાજ ખાવા?" "નહિરે કેશવલાલ! રામચંદ્રે કહ્યું "હવે પછી ધક્કો નહિ થાય."

"એવું તો છ મહિનાં થયા કહો છો, પણ આપોછો ક્યાં? એવા ખોટા બહાના હવે ચાલશે નહિ. ગમે તેમ કરો પણ મ્હને અત્યારે પૈસા આપોજઆપો, આજે હું પૈસા લીધા વિના પાછો ફરનાર નથી."

"એટલે?" રામચંદ્રે ડોળા કાઢયા.

"એટલે વળી શું? પૈસા મૂકીદો!" કેશવલાલે હાથ પછાડયા.

" એક મહીના પછી મળશે ! " રામચંદ્રે કહ્યું:

" મને તો બસ અત્યારેજ જોઇએ. " કેશવલાલે ભારપૂર્વક લાકડીનું ઠેબું પછાડતા કહ્યું:

" ત્યારે લઇલિયો. " રામચંદ્રે રોકડું પરખાવ્યું:

કેશવલાલનો મિજાજ ગયો. આંખો ફાડીને, હોઠ પીસીને તે બોલ્યો:

" પૈસા નથી આપવા ? દીવાળીયાનો ધંધો કરવો છે ? એમ કાંઇ હું છોડનાર નથી. છેલ્લી વખત કહુંછું કે પૈસા આપવાની હા છે કે ના ? "

" હમણાં તો નાજ ! " રામચંદ્ર કાંઈ એમ ડરી જાય એમ નહોતો.

" બસનાજ ! મોટો દિવાળીયો ! જોઇ લે બચ્ચા ! કાલે સ્હવારેજ તારી દુકાન લીલામ કરાવું નહિ તો મારૂં નામ કેશવલાલ નહિ. "

પગ પછાડી, એક તીવ્રદષ્ટિ ફેંકી કેશવલાલ ઉઠયો. લાકડીનું ઠેબું કપાટપર પછાડી તે બોલ્યો: ' બાપનો માલ હતો કે દુકાનમાં ભરી દીધો ! "

ઝવેરીની આંખમાં ઝેર વ્યાપ્યું. ક્રોધે ભરાઈને તેણે ચોપડો લઈ કેશવલાલના મસ્તકમાં માર્યો: ફટકો સજ્જડ હતો. પરંતુ કેશવલાલ કાચોપોચો નહતો ટોપી ઠીકઠાક કરતાની સાથે લાકડીવાળો હાથ ઉંચો કર્યો અને રામચંદ્ર ઉપર લાકડીનો પ્રહાર કરવા જાય ત્યાર પહેલા રામચંદ્રે

પેટીનાખાનામાંથી રીવૉલ્વર કાઢી અને કેશવલાલની છાતી સ્હામે તાકી. લાકડીવાળો હાથ ઉંચેજ રહ્યો. કેશવલાલ ત્રણ ડગલા પાછો હઠી ગયો. રામચંદ્ર તાડુકીને બોલ્યોઃ “ શાહુકારનો પોટલો ! ખબરદાર જો એકપણ અક્ષર બોલ્યો છે તો ? સીધે સીધો વંજો માપીજા. નહિતર ધુળ ફાકતો થઇ જઇશ. ”

કેશવલાલ બળવા લાગ્યો. લાકડીના ઘા કરીને રામચંદ્રનું માથું ફાડી નાખવાનો તેનો સંકલ્પ હતો. પણ........રીવૉલ્વરનું જડબું તેની છાતી સામેજ હતું. લાકડીના પ્રહાર પહેલાં રીવૉલ્વર ફૂટે તો ?

કેશવલાલે ઠંડા અવાજે કહ્યુંઃ “ કાંઈ નહિ ! મહિના પછી પૈસા આપજો ! તમારા પૈસા કયાં ખોટા થવાના છે ? ”

“ એતો ચમત્કારે નમસ્કાર ! ” રામચંદ્ર ઝવેરી બોલ્યોઃ “ થોડીવાર પહેલાં તો બહુ રોફ હતોને ? ”

‘ એતો ક્યારેક હૃદયમાં વેગ આવી જાય એટલે બોલી જવાય ! ” કેશવલાલ લાકડીવાળો હાથ નીચો કરતા એ શબ્દો ઉચાર્યાઃ એ શબ્દો તેના અંતઃકરણના ન હતા. તેના અંતઃકરણનો અવાજ તો એ હતો કેઃ રામચંદ્રનું માથું ચીરી નાખવું પરંતુ રીવૉલ્વરે તેના એ અવાજને દાબી દીધો હતો. અને એથીજ તેણે નમ્રતા દેખાડવા માંડી હતી.

રામચંદ્ર ઝવેરીએ રીવૉલ્વર પેટીમાં મૂકી દીધી અને બોલ્યો: " ચાલો. અગિયાર વાગશે ! હજી રાતનું ભોજન લેવાનું છે ! "

કેશવલાલ આ અપમાન થાતાં, અગ્નિમાં પડતા ઘૃતની પેઠે બળવા લાગ્યો:

" એક લેણદારની સાથે નમ્રતાથી વાતચિત કરવાની તો બાજુપર રહી; અને ચાલો નિકળો દુકાન બાહર ! "

રામચંદ્ર દુકાન નિચે ઉતર્યો. કેશવલાલ પણ પાછળ ઉતર્યો. વિક્ટોરીયા બાજુપરના સ્ટેન્ડ આગળ ઉભી હતી. કેશવલાલ તે તરફ જતાંજતાં દુકાન બંધ કરતા રામચંદ્ર તરફ વક્રદ્દષ્ટિ ફેંકતો હતો. તેના અંતરમાં ક્રોધના ઉછાળા આવતા હતા. " બદમાશ ! પૈસા આપવાની તો વાતજ નહિ ! અને સામો લડવા તૈયાર થાય છે ! લુચ્ચાની કાલેવાત ! દુકાન ભર બજારે લિલામ કરાવું ત્યારેજ હું ખરો !"

કેશવલાલ એમ બોલતો વિક્ટોરીયામાં બેઠો અને કોચમેનને કહ્યું:

" ગાડી કલેક્ટર સાહેબના બંગલે લઈ જા. "

કૉચમેને ગાડી તે તરફ દોડાવી:

## પ્રકરણ બીજું.

### " કલેકટરની મદદ. "

ગાડી કલેકટરના બંગલે આવી. કેશવલાલ, કલેકટરને મળવા માટે બંગલાના મુખ્ય દ્વાર પાસે ગયો. અગિયાર વાગી ગયલા હોવાથી દ્વાર બંધ હતા. એક પોલીસ નિદ્રાદેવીના શરણમાં રહી દ્વારપર ચોકી કરી રહ્યો હતો. કેશવલાલે આવી પોલીસને જાગ્રત કર્યો. અને ગજવામાંથી એક કાગળની કાપલી કાઢી પોલીસને આપતાં તે બોલ્યો: " આ વિઝિટિંગ કાર્ડ કલેકટર સાહેબને આપી, તેમનો જવાબ લાવ "

" સાહેબ ઉંઘી ગયા છે ! રાત્રિના દશ વાગ્યા પછી કોઈને બંગલામાં ન પેસવા દેવાનો સાહેબનો સખ્ત હુકમ છે એટલે તમે અત્યારે જાઓ ! સવારે આવજો ! " પોલીસે કાર્ડ પાછો આપતા એ શબ્દો ઉચ્ચાર્યા:

" પણ મારે સાહેબનું અત્યારેજ કામ છે ! " કેશવલાલે ભારપુર્વક જણાવ્યું: " આ કાર્ડ તેમને પહોંચાડો!"

" સારૂ લાવો. " એમ કહી, કાર્ડ લઈ પોલીસ અંદર ગયો.

કલેકટર સાહેબ બાર વાગ્યા પછીજ નિદ્રાધિન થતા; પરંતુ પોતાને ' જવું–આવવું– ' એ કંટાળા ભરેલું લાગતું

હોવાથી પોલીસે પ્રથમ તો ઉડાઉ જવાબ આપ્યો, પરંતુ કેશવલાલને એવી બહુ માહીતી હતી કે: કોઈ સારા માણસને મળવા જતાં તેમના દ્વારપાળોજ ઉડાઉ જવાબો આપી ધક્કા ખવરાવે છે અને એથીજ તેણે ભારપુર્વક શબ્દો કહીને પોલીસને વીઝીટીંગ કાર્ડ લઈને મોકલ્યો. કોઈ સાધારણ માણસ હોત તો પોલીસ તેને દાદ ન આપતાં 'ચલ એ' કહીનેજ ઉડાવતાં પરંતુ કેશવલાલ સારા કપડામાં સજ્જ હતો. તેમજ હાથમાં 'સ્ટીક' નાક ઉપર ચશ્મા અને બગલમાં છાપા હતા. કેશવલાલને ફેશનેબલ પોષાક– દેખાવમાં જોઈનેજ પોલીસે નમતું આપ્યું હતું. સારો પોષાક, સામાને આંજવામાં સારૂં કામ કરે છે!

કેશવલાલ પોલીસની રાહ જોતો દ્વાર પાસે ટેલવા લાગ્યો. તેની આંખોની ઉંડાણમાંથી ક્રોધના કિરણો ઝરતા હતા. ભવા ઉંચાં ચઢાવી તે ઉદગાર કાઢવા લાગ્યો: "બચ્ચા-જીને પુરો ફજેત કરૂં તોજ હું ખરો! આ કલેકટર સાથે મારે સહેજસાજ ઓળખાણ છે. મારૂં માનીને જો બે ત્રણ પોલીસ અને આપે અને સાથે એક હુકમ લખી આપે તો બસ! એ બદમાંશની દુકાન મારા હાથેજ લીલામ કરૂં! અને તેની આબરૂ એક કોડીની કરી નાંખું કે પછી એક પાઈનું પણ કોઈ તેને ન આપે! બદમાશ! પુરો બદમાશ! જો મ્હેં એ વખત નમતું આપ્યું હોત તો જરૂર તે રીવોલ્વર મારી છાતીમાં ફોડી નાખત. અને આપણાં તો પુરેપુરા

આરજ વાગી જાત ! પુર્વના પુણ્યોદયે માંડમાંડ બચી શક્યો છું ! એ વેર જ્યારે એને હું જેલના સળીયા પાસે કરગરતાં મ્હારે મારીજ પાસે આજીજી કરતો જોઉં, ત્યારેજ પુરૂં થાય એમ છે ! ગમે તેમ કરીને-પૈસા ખરચીને-ઓળખાણની વગ ચલાવીને પણ એ નીચ-નરાધમને જેલમાં જકડાવું તોજ શાંતિ થાય ! લેણદાર, દેવાદારના હાથનો માર ખાય—અરે ઉઘરાણી કરવા જતાં જીવ લઇને નહાસી છુટે એ કાંઈ ખોટી વાત નથી ! આજ સુધી મ્હેં ક્યાંય પણ આવું અનુભવ્યું ન હતું ! આજે આ હૃદયથી અનુભવ્યું ! આ આંખેથી જોયું ! પણ હવે કોઇ પણ ઉપાયે— ”

કેશવલાલના આંતર ઉદ્ગાર અપુર્ણજ રહ્યા. ચોપાદારે આવી કહ્યું: “ જાઓ અંદર ! સાહેબ આપને મળશે!”

કેશવલાલ આનંદમાં આવી ગયો. “ ચાલો એક પગથીયું તો ચડયા. ” રૂવાબથી કેશવલાલ કલેકટરના દિવાનખાનામાં દાખલ થયો. કલેકટર આ વખતે દીવાનખાનાની મધ્યમાં ગોઠવેલા કોચ પાસેની આરામ ચેરમાં પડયા પડયા કંઇક વાંચી રહ્યા હતા. કેશવલાલને જોઇને તે બોલ્યાઃ

“ આવો મિ. કેશવલાલ ! અત્યારે મોડી રાતે ! ”

કલેકટર હિન્દી હતો. તેનું નામ આનંદલાલ હતું. માતૃભાષા માટે તેને સારૂં માન હતું અને તેથીજ ખાસ પ્રસંગ સિવાય તે ઇંગ્લીશ બોલતો નહિ. અત્યારે તેણે માતૃભાષામાંજ ચલાવ્યું. “ અત્યારે મોડી રાતે ! ”

કેશવલાલે રહેજ હસીને ખુરશીમાં સ્થાન લેતાં કહ્યું:
"હા. જરા જરૂરનું કામ છે!"

"તમારે?" કલેક્ટરે જરા ઉંચા થઇને કેશવલાલ સામું જોઇને પ્રશ્ન કર્યો.

"હા." કેશવલાલે કહ્યું: "આપને અત્યારે ટાઇમ હોય તો સઘળી બીના કહી સંભળાવું."

"મને ટાઇમ છે. સંભળાવો." કલેક્ટરે કહ્યું:

કેશવલાલે મ્હોં ઠાવકું રાખી કહેવા માંડયું. "સાહેબ! શું કહું? આજે હું માંડમાંડ મૃત્યુના મ્હોંમાંથી બચવા પામ્યો છે!"

કલેક્ટર ચમક્યો. "શું તમે આજે ગોવા જીવલેણ જપાટામાં સપડાઈ ગયા હતા? કેવી રીતે?"

"સાહેબ સાંભળો!" કેશવલાલે આગળ ચલાવ્યું: "આજે એટલે કે બે કલાક પહેલાંજ દશ વાગ્યાના સુમારે હું રામચંદ્ર ઝવેરીને ત્યાં ઉઘરાણીએ ગયો હતો; લગભગ છ સાત માસથી તે મને ધક્કા ખવરાવતો હોવાથી મ્હેં જરા કડક રીતે ઉઘરાણી કરી એટલે એ ભાઇ સાહેબે મારા માથામાં ચોપડો માર્યો. જુઓ આ ટોપી પણ બેસી ગઈ છે! અને પછી?—પછી સાહેબ શું કહું? એ કહેતાં હજી પણ મને ડર લાગે છે! તરત એ બદમાશે પેટીમાંથી રીવોલ્વર કાઢી અને મારી છાતી સામે ધરી. મેં એ વખતે વાણીઆ વિદ્યા કરતાં રૂવાબ ચલાવ્યો હોત તો ક્યારનોયે હું આ દુનિયામાંથી સદાને માટે ખલાસ થઇ ગયો હોત, પરંતુ એ વખતે "સમય વરતે સાવધાન" ની કહેતી પ્ર-

રાણે નમી આપ્યું; અને એ ભાઇ સાહેબ ઠંડા પડ્યા—હું ત્યાંથી જીવ લઇને નાઠો અને સીધો અહિં આવ્યો છું ! સાહેબ ! હળહળતો કળિયુગ તે આનું નામ ! એક તો પૈસા આપવા નહિ—લીધેલો માલ હજમ કરી જવો અને ઉપરથી લેણદારને 'ફના' કરવા સુદ્ધાં તૈયાર થઇ જવું કેટલો ગજબ ! આપ સાહેબ જેવાની સાથે મારે ઓળખાણ અને— "

કેશવલાલને અટકાવીને વચ્ચેજ આનંદલાલ બોલી ઉઠ્યો: "શા માટે ડરો છો ? એના પીંખડા ઉતારી નાંખું. પછી ? "

"તો તો બહુજ સારૂં ! " કેશવલાલે ધીમેથી બોલવા માંડ્યું: એના ચોપડાનો ઘા હજી મને તિક્ષણ કંટકની પેઠે ખૂંચે છે. એનો બદલો જ્યાં સુધી હું ન લઉં ત્યાં સુધી મને ખાવાનું પણ ગમશે નહિ. આ વખતે મ્હને મદદ કરશો તો આપનો મ્હોટો ઉપકાર થશે."

"કેવી મદદ જોઇએ છે ? " કલેક્ટરે સિગારેટની ડબ્બી ખોલતાં પ્રશ્ન કર્યો.

"અત્યારેજ મ્હને પાંચ પોલીસ આપો. અને સાથે હુકમ લખી આપો કે તેણે મને મ્હારા લેણા રૂપિઆ પેટે તાત્કાલિક માલ આપી દેવો."

"પછી શું કરશો ? "

"પછી ? પોલીસને લઇને હું અત્યારેજ તેના મુકામે

જઇશ. અને હુકમ બતાવી સઘળો માલ મ્હારા કબજામાં લઇ સ્હવારે તેની છાતી ઉપર સરબજારે એ માલ લીલામ કરી તેની આબરૂ એક બદ્નામની કરી નાખીશ. કે પછી તેને પાઇનું પણ કોઈ ધીરશે નહિ. વધારે આગળ ઉપર...."

"સા....રૂ." કલેકટરે સિગારેટ સળગાવતાં કહ્યું: "જો તમારી એવી ઈચ્છા છે તો હું તે પ્રમાણે તમને સગવડ કરી આપું છું."

"તો આપ સાહેબનો અત્યંત આભાર!" કેશવલાલે આભારદર્શક શબ્દો ઉચ્ચાર્યા:

કલેકટરે એક હુકમ લખી આપ્યો. અને ઘંટડી વગાડી. એક નોકર અંદર આવ્યો. કલેકટરે તેને કહ્યું. "પાંચ પોલીસોને ગેટપરથી અહિં બોલાવી લાવ" નોકર દોડી ગયો. અને થોડીવારમાં પાંચ પોલીસ સાથે કલેકટરની પાસે ઉપસ્થિત થયો. કલેકટરે પોલીસો તરફ જોઈને હુકમ કર્યો:

"તમે પાંચે જણાં આ માણસની સાથે જાઓ. તેમના અંગરક્ષ તરીકે." "સારૂ સાહેબ!" પાંચે જણાંએ પોતાના શિર ઝુકાવ્યાં.

કેશલાલ સાહેબની સાથે સેકહેન્ડ કરીને ઉઠયો. અને રજા લીધી:

"હવે હું જઈશ!"

"ભલે. "કલેકટરે કહ્યું:"

કેશવલાલ અને પોલીસો વિકટોરીયામાં બેઠા. અને

કેશવલાલે કોચમેનને કહ્યું "ગાડી ઝવેરીબજાર તરફ લઇજા."

ગાડી ઝવેરીબજારમાં આવી પહોંચી. કેશવલાલ ગાડી નીચે ઉતર્યો, અને પોલીસોને કહ્યું: "ચાલો મ્હારી સાથે."

પોલીસોથી ઘેરાયેલો-રક્ષવાયલો-કેશવલાલ, રામચંદ્ર ઝવેરીના ઘર આગળ આવી પહોંચ્યો. પરંતુ બારણું બંધ હતું. લગભગ બાર વાગવાનો સમય થવા આવ્યો હતો. રસ્તા જનશૂન્ય થઈ ગયા હતા, સર્વત્ર શાંતિ અને નિસ્તબ્ધતા પ્રસરી ગઈ હતી. સુધાકરના શાંત કિરણો, પૃથ્વીપટની પ્રસરેલી નિરવતામાં વધારો કરી રહ્યા હતા.

કેશવલાલે બારણું ઠોકયું અને અંદરથી અવાજ આવ્યો:

"કોણ ?"

એ અવાજ કરનાર રામચંદ્ર ઝવેરી પોતેજ હતા. દુકાનપરથી ઘેર આવીને તેણે રાત્રિનું ભોજન લીધું હતું. દુકાનપરથી તે અગિયારે વાગ્યે તો નિકળ્યો હતો, અને અત્યારે બાર વાગવાનો સમય થયો હતો. એટલે પચ્ચેના એક કલાકના ગાળામાં તેણે રાત્રિભોજનના કાર્ય ઉપરાંત કશું કર્યું નહતું. હમણાં તે પાન ચાવતો ખુરશીમાં બેઠો હતો ત્યાંજ કેશવલાલે બારણું ઠોકયું, તરત ઝવેરીએ અવાજ કર્યો:

"કોણ?"

"દ્વારખોલો. તમારૂં કામ છે." કેશવલાલે કહ્યું એ નામ આપે અને કદાચ રામચંદ્ર સંતાઈ જાય એવા ડરથી તેણે નામ ન આપતાં કમાડ ઠોકયા કર્યું.

"પણ કોણ છે? નામ?" રામચંદ્રે અંદરથી પ્રશ્ન કર્યો:

"સુખલાલ ઝવેરી, મારે તમારૂં જરા કામ છે. દ્વાર ખોલો." કેશવલાલે ખોટું નામ આપ્યું:

રામચંદ્ર ઝવેરીએ દ્વાર ખોલ્યું. અને કેશવલાલને પોલીસોની સાથે જોઈને તેના તરતતો ડોળા ફાટી ગયા.

## પ્રકરણ ત્રીજું

### " ઝવેરીનું ઝનૂન "

" જેના હૃદયમાં વીરતાનું ઝનુન ઉછળે છે અતિ, "
" તેનું હૃદય નિશ્ચય નહિ ડરમાપતું કહીએ રતિ; "
" પોલીસ આવ્યા પાંચ તેની સાથ બંદૂકો હતિ, "
" પણ રામચંદ્ર ઝવેરી ભયના અંતરે પામ્યો રતિ, "

રામચંદ્રઝવેરી, ઓચિંતો પોલીસોની સાથે કેશવલાલને જોઈને તરતજ તો ગભરાઈ ગયો, પરંતુ પાછળથી ગભરાટનો ત્યાગ કરી હિંમત પૂર્વક બોલ્યો:

" કેમ આવ્યા છો ? "

કેશવલાલે આ પ્રશ્નનો ઉત્તર આપવાને બદલે કલેકટર નો હુકમ આગળ ધર્યો. અને નેત્ર સંકેતથી તે લેવા જણાવ્યું.

રામચંદ્ર વસ્તુ સ્થિતિને કળી તો ગયો; પરંતુ કેશવલાલને બનાવવા માટે તેણે પ્રશ્ન કર્યોઃ "નોટ છે?"

"જરા વાંચી જુઓ." કેશવલાલે કહ્યું. રામચંદ્રે કાગલ લઈ વાંચવા માંડ્યું. તે કાગળમાં—કલેકટરના હુકમમાં નીચે પ્રમાણેના લખાણનો સમાવેશ હતો.

મી. રામચંદ્ર ઝવેરી,

મી. કેશવલાલના લેણા રૂપિઆ આપવા પુરતી હાલ તરતમાં તમોને સવડ ન હોય તો લેણા પેટે તમારો માલ તેમને આ ચિઠ્ઠિ દેખત સોંપીદેવો. યાદ રાખજો કલેકટર આનંદલાલના હુકમના અનાદરનું પરિણામ બહુજ ભયંકર સળે છે।

આનંદલાલ પી.

કલેકટર સારંગપુર સીટી

રામચંદ્રે કલેકટરનો હુકમ અક્ષરે અક્ષર વાંચ્યો. અને ત્યાર પછી ચિઠ્ઠીના કકડે કકડા કરી પોતાના પગ તળે છૂંદી નાખ્યા. અને ભવાં ચઢાવી આંખો ફાડી તે બોલ્યોઃ "આવા હુકમથી કાંઈ હું ડરી જાઉં એમ નથી! ચાલ્યા જાઓ તમારે ઘેર! એક વખત જવા દીધા છે, આ વખતે ત્રણપાંચ કરશો તો ભગવાનના દરબારમાં પહોંચી ગયાજ સમજજો! જાઓ પોલીસો! શા માટે મારે ઘેર આવ્યા છો? હું કાંઈ ગુન્હેગાર છું? જાઓ મારા મકાનને છોડી જાઓ!"

રામચંદ્રે આ શબ્દો એવા તો કડકાઇથી ઉચ્ચાર્યા કે પોલીસો કાંઇપણ બોલી શકયા નહિ. કેશવલાલે પોલીસો તરફ જોઇ કહ્યું:

"તમે શા માટે આવ્યા છો? કાંઈ દમ છે કે નહિ? પકડી લ્યો આ લુચ્ચાને સાહેબનો હુકમ છે!"

કેશવલાલના આ શબ્દોથી પોલીસોમાં કંઈક જોર–ઝનૂન આવ્યું, અને રામચંદ્ર તરફ ધસવા ગયા. રામચંદ્ર ત્રણ ચાર ડગલા પાછો હઠી ગયો. અને ટેબલના ખાનામાંથી એક મ્હોટો તેજદાર છરો બહાર કાઢી બોલ્યો: "ખબરદાર! એટલેજ રહો!"

પોલીસો પાસે ભરેલી બંદૂકો હતી. ધારે તો રામચંદ્રને એક ક્ષણમાં ઉડાડી શકે. પરન્તુ એટલું ઝનુન કોઈ પોલીસમાં નહતું. બંદૂક સાથે હતી માત્ર નામની. નિર્બળને ડરાવવા માટે એ બંદૂકો ભલે ઉપયોગની હોય, પરંતુ સબળ એટલે કે ઝનુની માણસને ડરાવવા માટે ખરેખર ભાગે પોલીસોની બંદૂકો નિષ્ફળ નિવડે છે. એનો અર્થ એટલોજ કે બંદૂક વાપરવાની કશીપણ તાલીમ નહોય એવો માણસ પોલીસ થાય અને બંદૂક રાખે. પરંતુ તેનો ઉપયોગ કરવો બહુ મુશ્કેલ થઈ પડે છે! સારંગપુરના પોલીસ વર્ગમાં અધિકાંશે એવાજ પોલીસો હતા. કેશવલાલની સાથેના પોલીસો જોકે કદાવર, હૃષ્ટપુષ્ટ, જોતાંજ કાચાપોચાના હાજાગગડી જાય એવા પહેલવાન હતા

પરંતુ બંદૂક વાપરવા પુરતા જ્ઞાનનો અભાવ હોવાથી રામચંદ્રના હાથમાં એક ચળકતો છરો જોતાં ગભરાઈ ગયા, અને રામચંદ્રને પકડવાને બદલે પાછા હઠી ગયા. કેશવલાલ ચીડાયો. છરાના તેજથી તે પોલીસો કરતાં વિશેષ ગભરાયો હતો; પરંતુ પોતાની સાથે પાંચ સશસ્ત્ર પોલીસો હોવાથી રામચંદ્ર, પોતાને કાંઇપણ ઇજા કરી શકશે નહિ એમ ધારી તે રહયો હતો.

" બોલો આ હુકમનો શું જવાબ આપો છો ? " કેશવલાલે પ્રશ્ન કર્યો.

" ન જોયો મારો જવાબ ? " રામચંદ્ર ક્રોધિષ્ઠ વદને બોલ્યોઃ " કકડે કકડા મારા પગ તળે છુંદાઈ ગયા અને જોયું ? એનાથી વધુ સારો જવાબ હું આપી શકતો નથી. તારા કલેકટર સાહેબ હવે ભલે મને ફાંશીએ ચ્હડાવે ! "

" તમે એક મહાન્ ઓદ્ધેદારનું અપમાન કરોછો એ ધ્યાનમાં રાખજો. ધારે તો તમને ફાંસીએ ચ્હડાવી દે એટલી શકિત ધરાવનાર માણસનું અપમાન તમે શું જોઇને કરો છો ? ઝવેરી ! હું સલાહ આપું છુંકેઃ એવી ઉદ્ધતાઈ છોડીદ્યો. કલેકટરને જ્યારે જાણ થશે કે તેની ચિઠ્ઠીના તો કકડા કરી પગતળે છૂંદી નાખ્યા છે, ત્યારે તે શુંનું શું કરી નાખશે ! જો હજીમાનો તો હુકમને પગ નીચે કચરી નાખ્યાની વાત હું કલેકટરને કહીશ નહિ. તમારે મહિના પછી પણ પૈસાતો આપવાજ છે, તો અત્યારે તેટલો માલ

સોંપી માફ અને તેની સાથે આખા સારંગપુરના સત્તાધીશ અમલદારનું માન કેમ ન રાખો ? તમે આબરૂદાર ગૃહસ્થ માણસ થઈ આટલી હદે જાઓ એ અયુક્ત કહેવાય, માટે ખૂબ વિચાર કરીને હું કહું છું કે, મારા લેણા રૂપિઆ જેટલો માલ મને તમે અત્યારેજ સોંપીદો ! " કેશવલાલે પ્રથમ કડક રીતે અને પછી નમ્ર રીતે આ શબ્દો ઉચ્ચાર્યા:

" એ તારા બડબડાટની મને કાંઇ જરૂર નથી. આનંદલાલ જેવાતો સેંકડો મારા બુટ સાફ કરતા ફરે છે, સમજ્યો ? એવાની મ્હને કશીજ દરકાર નથી. માટે હવે એક પણ અક્ષરોચ્ચારવિના ચાલ્યોજા. હજી હું શાંત છું ત્યાં સુધી ઠીક છે; પરન્તુ જ્યારે મ્હારા હાથ ઉશ્કેરાઇ જશે ત્યારે જાણજે કે આ છરો તારી છાતીને ચીરી નાખતાં જરાપણ સંકોચ અથવા ડર નહિ રાખે, " કેશવલાલ તરફ વક્રવદન કરીને રામચંદ્ર ઝવેરીએ એ પ્રમાણે કહ્યું:

કેશવલાલને દુકાનમાં બનેલી ત્રણ ચાર કલાક પહેલાની ઘટનાનું સ્મરણ થઇ આવ્યું. " એક વખત તો જીવતો નિકળવા પામ્યો અને આ વખતે હવે જો વધુ જીભ વાપરીશ તો જીવતો નિકળવા પામીશ કે કેમ એ એક શંકા છે, માટે હાલ તો પાછું ચાલ્યા જવું એમાં સલામતી છે. કારણકે આ પોલીસોમાં પણ કાંઈ દમ જણાતો નથી. મારા પહેલાં તેઓ બારણા તરફ વળી પડે છે ! પોલીસના જોરે તો હું જેના હાથમાંથી મહામુશીબતે

જીવતો નિકળી શકયો તેનેજ પાસે આવવાની હિંમત કરી ચૂકયો; પરંતુ પોલીસો મડદાલ નિકળ્યા. હવે જો રૂવાબ અદાવીશ તો તે કદાચ છરો ભોંકી પણ દે. રાક્ષસ જેવા સ્વભાવના માણસો ખૂનને તો એક રમત—બાળકના ખેલ—માને છે. માટે અત્યારે તો વિદાય લેવીજ સ્તુત્ય છે." આવી રીતે કેશવલાલે મન સાથે નિશ્ચય કર્યો. અને પછી રામચંદ્ર ઝવેરીની તરફ જોઇ જાણે કે ગરીબ ગાય કેમ હોય તેની માફક નમ્રપણે તેણે કહેવા માંડયું: "જુઓ ઝવેરી ! તમારી ઇચ્છાને માન આપી હું ચાલ્યો જાઉં છું. રૂપિઆ તમે એક મહિના પછી આપવાનું કહો છો; પણ હું દોઢ મહીનો સમજ્યો છું ! મેં જરા ઉશ્કેરાઈને પોલીસોને લઇને તમને દમ દેવા આ પગલું ભર્યું: તેની મને માફી આપો આજ પછી હું તમને હેરાન કરીશ નહિ. પૈસા તમારી મરજી પડે ત્યારે આપજો."

"સારૂ જાઓ!" રામચંદ્રે બેદરકારી પૂર્વક કહ્યું.

કેશવલાલે ત્યાંથી ચલતી પકડી: પોલીસો તો જીવ લઈને નાઠા. નાકા ઉપર ઉભી રાખેલી ગાડીમાં બધા બેઠા અને ગાડી કલેકટરના બંગલા તરફ દોડી. માર્ગમાં કેશવલાલે પોલીસોને કહેવા માંડયું.

"તમે પોલીસ કઈ રીતના? પાંચ જણા એક માણસને પણ પુરા ન પડી શકો? તમારાથી તો છોકરા પણ સારા કે દુર ન્હાસીને છેવટ પત્થર પણ મારે છે! તમારા બધાની પાસે બંદૂકો હતી. ભરેલી હતી. છતાં પણ છરો

જોઈને ઠણતતર થઈ ગયા, શું એમ પોલીસ થવાતું હશે! પોલીસમાં તો બળ જોઇએ. સાહસ જોઇએ, હિંમત જોઇએ અને જીવનની બેદરકારી જોઈએ."

'' કદાચ તે પ્રમાણે વર્ત્તન રાખવા જઇએ, અને કયાંક અમે માર્યા જઇએ તો અમારા સ્ત્રી–છોકરાનું કોણુ બેલી? જેઓ ફક્કડ એટલેકે સ્ત્રી–છોકરાની વિટંબણા વિનાના હોય તેઓ ભલે તે પ્રમાણે ઝનુન રાખે; પરન્તુ તેમની પાછળ પાંચ સાત જીવો પડયા હોય તેનાથી કદાપી કાળે જીવનની બેદરકારી રાખી શકાય નહિ." એક પોલીસે એ પ્રમાણે કહ્યું.

"હા ખરૂં છે! કોઇ થોડું જ પાછળ સ્ત્રી છોકરાને દાણા વિગેરે જોઈતું પુરૂં પાડે છે! પછી નાહક શામાટે જાન જોખમમાં નાખવો?" બીજાએ, પહેલાના કથનને અનુમોદન આપતાં એ પ્રમાણે શબ્દો ઉચ્ચાર્યા:

કેશવલાલે મન સાથે નકી કર્યું કેઃ "આ રીતે કાંઈ રામચંદ્ર ટરી ગયો નહિ. હવે શું કરવું? પૈસા તો પડાવવા જ! શું વીશ હજાર જેટલી લેણી રકમ શું જતી કરૂં? બનેજ નહિ! ગમે તેમ કરીને લેણું વસુલ તો કરવું જ! કલેકટરને બે પાંચ આપવાનું કરીને કલેકટરને પોતાને રામચંદ્ર ઝવેરીના મકાને મારી સાથે લઈ જાઉં તો કેમ!" તેના અંતરાત્માએ જવાબ આપ્યોઃ "બરાબર"

ગાડી કલેકટરના બંગલે આવી પહોંચી. બધા બંગલાની અંદર ગયા.

## પ્રકરણ ચોથું.

### " ક્રોધિત કલેક્ટર "

કલેકટર હજી નિંદ્રાધિન થયો નહોતો. બત્તિનું તેજ ઓછું કરી. વાંચવા લીધેલું પુસ્તક કપાટમાં ગોઠવી દઈ સુવાની તૈયારી કરી રહ્યો હતો. ત્યાં કેશવલાલ અને પોલીસો આવ્યા. કેશવલાલને જોઈ કલેકટરે બત્તીનું તેજ વધાર્યું. અને પૂછ્યું: " કેમ ? શું થયું ! એટલીવારમાં કેમ પાછા ફર્યા ! તરત પતી ગયું ?"

કલેકટરની ઉપરાઉપરી પ્રશ્નાવલિથી કેશવલાલ ગુંચવાઈ ગયો. તેનું હૃદય કોઈ જુવાન પવનમાં ડોલતું હતું. સભ્યતાની ખાતર તેણે ઉત્તર આપ્યું.

" તરત પતી ગયું ! પણ— "

કેશવલાલને બોલતો અટકાવીને કલેકટર બોલ્યા: " પણ શું ?"

" એવી રીતે પતી ગયું કે તમારા હુકમ ઉપર પાણી ફરી ગયું ! "

" હેં ! શું કહો છો ? "

" માત્ર એટલુંજ નહિ; પણ તમારા હુકમના કકડે કકડા કરી રામચંદ્રે પોતાના પગ તળે છુંદી નાખ્યા ! મ્હેં અને આ તમારા હાથ તળેના પોલીસ ભાઈઓએ ઉભા ઉભા જોયું ! કર્યું; શું કરીએ ? "

કલેકટરનો મિજાજ હાથથી ગયો: પોલીસો ઉપર તે અત્યંત ક્રોધાવિષ્ટ થઈ ગયો; તેનો ચ્હેરો કુપિત થયેલા વાઘના જેટલો ભયંકર બન્યો. તે બરાડી ઉઠયો: "કમ જાતો! પોલીસ થયા છો! મારા હુકમને ચગદાતો જોયો છતાં તમે કાંઈ ન કરી શકયા? જાઓ તમને આજથી નોકરી ઉપરથી બરતરફ કરવામાં આવે છે! તમારા જેવા નામર્દ પોલીસોથી શહેરની સલામતી જરાપણ સચવાશે નહિ. એક સાધારણ આદમીને તારાજ કરવા પુરતી શક્તિનો અભાવ છે, ત્યાં કોઈ ચોર-લુટારાના દરોડાને અટકાવવા તમે શું કરવાના હતા? નાહક પગાર ખાઈને મસ્ત ફરવું છે? જાઓ."

પોલીસો બિચારા રોયા જેવા થઈ ગયા. દરેકને પાંચ સાત માણસોનું ભરણ પોષણ કરવાનું હતું: પોલીસની નોકરી કરતાં મળતા પગારમાંથી મહા મુશીબતે બધા પોતાનું ગુજરાન ચલાવતા હતા. આમ એકાએક નોકરીમાંથી પોતે બરતરફ થાય તો પછી છોકરાં શું ખાય? આવી દયાજનક સ્થિતિમાં તેઓ આવી પડયા. એક જણે અત્યંત આર્જવતાથી કહ્યું: "સાહેબ! આ વખતે માફ કરો. હવેથી એવી નામર્દાઈ નહિ બતાવીએ. મારું જવા દઈશું પરંતુ પાછા નહિ હઠીએ."

એકે કહ્યું અને બીજાએ કહ્યું: દરેકે વિનંતિ પૂર્વક કહ્યું: કલેકટરનું હૃદય દયાદ્ર હતું, નિષ્ઠુર ન હતું તેને દયા

આવી. "જાઓ, આ વખતે માફી આપું છું; પરંતુ હવે પછી તનામામાં હું જરા પણ નામર્દાઈ જોઈશ, તો તરત બરતરફ કરીશ. એ વખતે આ વખતની જેમ ગમે તેટલું કરગરશો તથાપિ માફી આપીશ નહિ."

સલામ કરીને પોલીસો ચાલ્યા ગયા. કેશવલાલે કલેક્ટરને કહ્યું.

"સાહેબ! બડો ઝનૂની છે! બદમાશ છે! આપના હુકમને છુંદી નાંખ્યો એ તો ઠીક; પરંતુ આપના પોલીસ તરફ એક મોટો તીક્ષ્ણ છરો લઈને તે ધસ્યો હતો. પોલીસોએ હાથ જોડ્યા એટલે તે મારી ઉપર ધસ્યો. સાહેબ! કહેતા લજ્જા આવે છે કે મ્હેં પણ પોલીસોની પ્રમાણે હાથ જોડ્યા અને તેણે મને છોડી દીધો. કંઈ વાત કરીએ એટલામાં તો તે શસ્ત્ર લેતો સામો થઈ જાય છે! કોણ જાણે તેનામાં આટલું ઝનુન ક્યાંથી આવી ગયું છે?"

કલેક્ટરનો ક્રોધાવેશ વધ્યો: "એ નીચની હું હમણાંજ ખબર લેવાનો છું! મારા હુકમને પગ નીચે રગદોળનાર એ બદમાશના લોહી, હાડકાં અને ચામડી જુદા કરી નાંખીશ! જેલમાં પુરીશ! રીબાવી રીબાવીને ભુખે મારી નાંખીશ! ચાલો તમે અત્યારે મારી સાથે. એ બદમાશની અત્યારેજ ખબર લેવી જોઈએ. ઉઠો. હું કપડાં પહેરી તયાર થાઉં છું!"

કેશવલાલ અત્યંત આનંદમાં આવી ગયો. કોઇ પણ

જાતની ખટપટ કે ચાલાકી ચલાવ્યા શિવાય કલેકટર પોતાની સાથે આવે, અને તે પણ રામચંદ્ર ઝવેરીની ખબર લેવા ક્રોધિત સ્વરૂપે સાથે આવે એ તેને મન અતિશય હર્ષનો પ્રસંગ થયો. તેણે કલેકટર ન જુએ તેમ મુછ મરડી અને જાણે કે રામચંદ્ર તેના પગ આગળ રડતા વદને કરગરતો હોય તેમ તે જોવા લાગ્યો.

કલેકટરે કપડા પહેરી લીધા. પાટલુનના ગજવામાં એક ભરેલી ન્હાની રીવૉલ્વર ગોઠવી દીધી. અને બોલ્યોઃ "ચાલો કેશવલાલ."

બન્ને બંગલા બહાર આવ્યા અને બહાર ઉભેલી ગાડીમાં બેઠા. કેશવલાલે કોચમેનને પ્રથમનીજ જગ્યાએ લઇ જવા હુકમ કર્યો. કોચમેને મનમાં બરબડતા બરબડતા ગાડી હાંકીઃ "કોણ જાણે શું છે તે ઈશ્વરસે તીશર ને તીશરસે ઈશ્વર!"

ગાડી વેગમાં જતી હતી. લગભગ દોઢ બે વાગ્યાનો અમલ હતો. સઘળે શાંતિજ હતી. ગાડીનો ધ્વનિ એ શાંતિમાં ખલેલ કરતો હતો. ઉંચે ચન્દ્રમા ઝુલતો હતો. કેશવલાલ મનમાં વિચાર કરવા લાગ્યોઃ

"આ કલેકટર ત્યાં જઈ શું કરશે? શું ખૂન કરશે? પકડશે? રામચંદ્ર એમ કાંઈ કાચો નથી. પાંચ પોલીસ અને છઠ્ઠો હું છતાં પણ ન ગભરાય એવો રામચંદ્ર શું આ કલેકટરને એકને જોવાથી ડરી જશે?"

કેશવલાલ આવા પ્રકારની વિચાર ચિંતામાં હતો; અને કલેકટર આંખો ફાડી, હોઠ પીસી પોતાના હુકમને ઠોકરે મારનારનું ખૂન કરવા જેટલી હદે ઉશ્કેરાયલો ગાડીમાં બેઠો હતો. બન્ને પોતપોતાના વિચાર-ચિન્તામાં લીન હતા. મૌન હતા. ગાડી દોડી જતી હતી. પવનના સુસવાટા બન્નેના મ્હોડાપર આવતા. ગાડીના ઘોડા બિચારા દોડાદોડ કરી કેમ થાકી ગયા હોય તેમ ધીમા પડતા જતા હતા. પણ કોચમેનનો ચાબુક ઘોડાની મંદ ગતિમાં સુધારો કરી નાંખતો હતો. અબોલ પ્રાણી! પરિશ્રમથી કંટાળ્યા છતાં—એક પણ ડગલું ભરવાની અશક્તિ છતાં—ઉપર પડતા મારને લઇને તેમજ હાંફતા હાંફતા પણ દોડવું પડે છે! પણ એવી રીતે જાનવરો પાસેથી સખ્ત કામ લેનારા માણસોએ ધ્યાનમાં રાખવું કે તેજ જાનવરો માણસના સ્વરૂપમાં બીજા જન્મે તમારા ઉપર જુલમ ગુજારશે. અને તે વખતે તમને એટલો ત્રાસ લાગશે કે તમારે તે વખતના પોતાના દેહનો અકાળે અંત લાવવો પડશે એટલે કે આત્મ હત્યાનું ભીષણ--અઘોર કૃત્ય કરવું પડશે! શાસ્ત્રો તો પોકારીને કહે છે કેઃ—

"છે માનવી જેવોજ આત્મા જાણજો પશુઓ મંહી,
"એવું વિચારીને ન દેજો ત્રાસ પશુઓને કહીં;
"મારો--રીબાવો તોય પણ કેં બોલશે પશુઓ નહિ,
"કાપો--કરો કટકા પરંતુ બોલશે પશુઓ નહિ;

" એવા મુંગા પશુઓ ઉપર નિર્દય ન થાજો માનવી !
" નિર્દય થશો યદિ તો થશો તવ હાલ ભુંડા માનવી !"
છતાં પણ તેને સમજનારા બહુ ઓછા જણાય છે એજ કળીયુગની પ્રબળતા કહેવાય છે !

ગાડી અટકી અને કેશવલાલ ગાડીથી નીચે ઉતર્યો. કલેકટર પાછળથી ઉતર્યો. કેશવલાલે આંગળીની ઈશારતે રામચંદ્રનું ઘર બતાવ્યું. કલેકટર બોલ્યોઃ

"ચાલો મારી સાથે. હું સાથે છું પછી શાનો ડર રાખો ? હું સારંગપુર આખાનો કલેકટર ! પછી કોનો છે ડર ? "

"પણ તે ઝવેરી ઝેરી છે. એ 'ઝેરી ઝવેરી' હવે ત્રીજી વખત તમારી સાથે જુએ તો મને ખાત્રી છે કે તે મારૂં ખૂનજ કરે ! તમે તો જોતાંજ ઉભા રહો. પોતાનું પાછળથી ગમે તે થાય, પરંતુ એક વખત તે મને તો જરૂર ઠાર કરે. તેનો સ્વભાવ ઝેરી છે. કાળા નાગ કરતાં પણ તેના હૃદયમાં અત્યંત ઝેર ભરેલું છે." કેશવલાલે ભયપૂર્વક શબ્દો ઉચ્ચાર્યાઃ

'તમે સાથે નહિ આવો ?" કલેકટરે કહ્યુંઃ

"હું તો ડરૂં છું !" કેશવલાલે ધીમા અવાજે કહ્યુંઃ "કદાચ— "

કેશવલાલને બોલતો અટકાવી આનંદલાલ કલેકટર વચ્ચેજ બોલી ઉઠયોઃ

"એક તો તમારા માટે હું આટલું સાહસ કરૂં છુ અને તમે મારી સાથે આવવાની ના કહો છો? ક વિચાર છે?"

હવે કેશવલાલ મુંઝાયો. તેણે ધાર્યું હતું કે: કલેકટ એકલો રામચંદ્ર પાસે જશે પરંતુ કલેકટરના ઉપરો શબ્દો સાંભળીને તેણે મન સાથે વિચાર્યું કે: "જો હું ના જાઉં તો આ કલેકટર એકલો જવાનો નથી. એટલુંજ ના પરંતુ પછી કયારેય પણ મારી અર્થે સ્હાયની દૃષ્ટિ રાખ નહિ, અને મને દુઃખી કરશે—પજવશે. માટે અત્યારે જેમ બે વખત સાહસ કર્યું તમ સાહસ કર્યા વિના છુ કોજ નથી." આવી રીતે મનમાં વિચારી લઈ તેણે કલે કટરને ઉત્તર આપ્યો: "પણ હું કયાં આવવાની ના કહ છું! હું તો કહું છું કે તે અત્યંત ઝેરી છે! ઝે ઝવેરી છે!"

"તેથી કાંઈ ડરવાનું નથી! હું તમારી સાથે છું પ તેની શી તાકાત છે કે તમારા સામું પણ જોઈ શકે! મા નામથી આખી સારંગપુરની વસ્તી ધ્રુજે છે. એક બિચા રામચંદ્ર ઝવેરીનું શું ગજું કે તે મારા સામી બાથ ભીડે અરે જરા ચૂં કે ચાં કરશે તો આ રીવૉલ્વર સત્વર તે છાતીમાં ફુટી જશે! ખૂનના આરોપનો ડર તો મને થોડો હતો!" એમ કહી કલેકટરે પાટલુનના ગજવામાંથી રીવૉલ્વર બહાર કાઢી અને કેશવલાલને બતાવી. કેશવલાલ

અંતર રામચંદ્રના મકાન તરફ એક પણ ડગલું ભરવા ના પાડતું હતું. ડરથી કંપતું હતું, પરન્તુ કલેકટરની સાથે ગયા વિના—એટલું સાહસ કર્યા વિના—તેનો કોઈ પણ ઉપાયે છુટકો નહોતો. એટલે તેણે કલેકટરની સાથે ચાલવા માંડયું, કલેકટર ઉતાવળે રામચંદ્રના મકાન પાસે આવ્યો, અને જોરથી કમાડમાં લાત મારીને બોલ્યો: "કમાડ ખોલો."

પાછળ કેશવલાલ ધ્રુજી રહ્યો હતો.

## પ્રકરણ પાંચમું.

### "ઝવેરાત ગેબ !"

"પલમાં કરે ઉંધું ચતું એવા ઘણા સંસારમાં,
"ચાલાક છે જ્હોએ ઉડાડે ધૂળ શત્રુ આંખમાં:
"આનંદલાલ કલેકટરને નાખી દીધો આશ્ચર્યમાં.
"ચાલાકએ "ઝેરી ઝવેરી" જાણજો આ વિશ્વમાં."

"કમાડ ખોલો." કલેકટરે કમાડ ઉપર લાત મારતા મારતા કહ્યું:

"વળી કોણ છે ?" અંદરથી રામચંદ્રે ઘાંટો પાડયો:

"આનંદલાલ કલેકટર.", કલેકટરે રૂવાબથી પોતાનું નામ જણાવ્યું:

દ્વાર ઉઘડયું. અને કલેકટર અંદર ગયો. કેશવલાલના પગ અંદર જવા ના પાડતા હતા; પરંતુ પોતાની સ્થીતિ ન જણાઈ જાય એટલા માટે ખુંખારા સાથે તે પણ અંદર દાખલ થયો. રામચંદ્ર ઝવેરી આ વખતે સૂતો હતો. નિદ્રા ન આવતી હોવાથી પલંગમાં તરફડતો હતો.

"કેમ રામચંદ્ર!" કલેકટરે બોલવું શરૂ કર્યું. "મ્હારો હુકમ એ તમારે મન કંઈજ નહિ?"

"જી. ના." રામચંદ્રે ઠંડા પેટે પણ કલેકટર બળી જાય એવો ટુંકો જવાબ આપ્યો:

"આખું સારંગપુર મારા નામથી કંપી રહ્યું છે; ત્યાં તમે મારા હુકમની કશીજ કિંમત કરતા નથી?" આનંદલાલ કલેકટર મુછ મરડીને બોલ્યા:

"એટલે તમે શું કહેવા માગો છો? શું કહેવા આવ્યા છો?" રામચંદ્રે ઉત્તર આપવાને બદલે કલેકટરને સ્હામા પ્રશ્નો કર્યા:

"મ્હારા હુકમના કરેલા અપમાનનો હું અત્યારે જવાબ લેવા આવ્યો છું?" કલેકટરે ઉત્તરના રૂપમાં પોતાના આવવાનો ઉદ્દેશ કહી સંભળાવવા માંડયો; "મી. રામચંદ્ર! તમારૂં અભિમાન મારી પાસે જરા પણ ટકી શકવાનું નથી! મારા હુકમને લાત મારનારનું હું લોહી પીશ. સમજ્યા! હું કાળા નાગથી પણ વધુ ભયંકર છું! વિકાળ અને હિંસક સિંહથી પણ વિશેષ ભયાનક છું!"

"હશે !" રામચંદ્રે બેદરકારી પુર્વક કહ્યું: "મને એવી કાંઈ ડરામણીથી ડરાવી શકશો નહિ. જેમ તમે ભયંકર પોતાને કહો છો, તેમ હું મને પોતાને પણ ભયંકર કહું છું ! ભયંકરની સાથે ભયંકર ટકી શકશે એ નિર્વિવાદવાત છે."

"ઠીક છે હું જોઉં છું કે તમે કેવા ભયંકર છો !" કલેકટરે આંખો ફાડી.

"અને હું પણ જોઈશ કે તમે કેવા ભયંકર છો !" રામચંદ્રે તેવોજ કડક ઉત્તર આપ્યો.

કેશવલાલ દીંગ્મુઢ જેવો થઈ ગયો. તેણે ધાર્યું હતું કે: "રામચંદ્ર જો કે જેવા તેવાથી ન ડરે એવો નિર્ભય છે; પરંતુ કલેકટરને જોતાંજ ડરી જશે—ગભરાઈ જશે—અને પોતે કરેલી ભૂલની હાથ જોડીને માફી માગશે." પરન્તુ આતો એથી ઉલ્ટોજ પ્રકાર એટલે કે રામચંદ્રને, કલેકટરની સામે નિડર જવાબ આપતો જોઇ કેશવલાલ તો શિવનેત્ર થઈ ગયો. "ઓહ ! શું નિડર ! આવડા મોટા અમલદારથી પણ ડરતો નથી ! કોણ જાણે—"

કેશવલાલની વિચારમાળા તુટી. રામચંદ્ર ઝવેરીએ તેને ઉદ્દેશીને કહ્યું: "કેમરે કેશવલાલ ! આવી બધી ખટપટ કરીને તેં શું કરવા ધાર્યું છે ? જીવવાનો મોહ નથી ?"

"બાપરે" કેશવલાલે મનમાંજ નિઃશ્વાસ મૂકયો. તેનું દીલ કંપવા લાગ્યું. જીભને ઘણી ઉશ્કેરી છતાં એક

પણ શબ્દનો ઉચ્ચાર થયો નહિ તેને તો એમજ લાગ્યું કે "હવે આવી બન્યું !"

"કેશવલાલને ઉદ્દેશીને બોલાયલા શબ્દોનો પ્રત્યુત્તર કલેકટરે આપ્યો: "વળી શું ધારવાનું હતું? સીધે સીધો તેના લેણા રૂપિઆ આપી દે." રામચંદ્ર, પોતાને અપાયલા ટુંકારાથી અત્યંત ક્રોધાતુર થઈ ગયો. તે બોલ્યોઃ "આનંદલાલ! તે બાબતમાં તારે કાંઈ પણ માથું મારવાની જરૂર નથી. લેણા દેણાનો વિષય અમારે પતાવવાનો છે. તેમાં તારી સલાહની કાંઇ જરૂર નથી. સીધે સીધો મારી સામે જરા પણ બોલ્યા વિના ચાલ્યો જા. "કેશવલાલ તરફ જોઈ તે બોલ્યોઃ" અને કેશવલાલ! હું તને સાફ કહું છું કે તારા પગ નીચેની જમીન એક મિનિટની અંદર ખાલી કર. અને મારા મકાનને છોડી ચાલ્યો જા. હવે જો મારા સામે જરા પણ લવારો કર્યો છે તો અહિં ખૂન રેડાશે! આ તારા કલેકટરને પણ સમજાવીને લઇ જા નહિતર—"

રામચંદ્રને એટલેથી અટકાવીને કલેકટર બોલી ઉઠયો: "નહિતર ?"

"નહિતર શું!" રામચંદ્ર બોલ્યોઃ" તારો અને આ કેશવલાલનો બન્નેનો જાન હવામાં ઉડી જશે? તું કેશવલાલનો મળતીયો હોઇ મને ત્રાસ આપીને તેના લેણા રૂપિઆ વસુલ અપાવવા માગે છે! અરે કલેકટર! તારા

જેવા કલેકટર મ્હેં બહુએ જોયા છે, માટે જીવવાની મમતા હોય—સંસારના રંગો જોવાની હજી ઇચ્છા હોય—તો—હા! તો હું સખ્ત ચેતવણી આપું છું કેઃ બસ ચાલ્યો જા. નાહક બીજાને માટે મ્હોત ન માગ!"

"અરે રામચંદ્ર! તને ખબર છે તારા એવા બળથી આ આનંદલાલ કાંઈ ગાંજ્યો જાય એમ નથી. જો તારા જેવા વાણિયા અમને ડરાવેતો અમારાથી કલેકટર જેવા જોખમવાળા મ્હોટા ઓદ્ધા ઉપર ટકી શકાય નહિ. માટે હવે જીભ સંભાળીને બોલજે. એક પણ ખરાબ શબ્દ બોલીશ તો તારૂં દિવાનખાનું તારા લોહીથીજ રંગાઈ જશે! જો. જો. આ ભરેલી રિવૉલ્વર તૈયાર છે." કલેકટરે પાટલુનના ગજવામાંથી રિવૉલ્વર બ્હાર કાઢી.

"અને મારી પાસે આ છરો પાણીદાર છે!" ટેબલના ખાનામાંથી રામચંદ્રે છરો કાઢયોઃ

"છરો તારા હાથમાં રહેશે અને આ રિવૉલ્વર તારો જાન લેશે! માટે કેશવલાલના રૂપિઆ હમણાંજ આપી દે. રૂપિઆની સવડ ન હોય તો તેટલો માલ સોંપી દે, જો તું ના પાડીશ તોપણ મારા હાથે તારી દુકાનમાંથી આ કેશવલાલને માલ આપીશ. હું સારંગપુરનો રાજા છું! હું ધારૂં તે કરી શકવા શકિતમાન્ છું! બોલ શો વિચાર છે!" કલેકટરે ક્રોધિન સ્વરે, પોતાની મહત્તા દર્શાવતાં એ પ્રમાણે શબ્દો ઉચ્ચાર્યાઃ

"તારા દરેક શબ્દનો ઈનકાર છે !" રામચંદ્રે કહ્યું:

"ઠીક ! જોઉં છું કે તારો ઈનકાર કયાં સુધી ટકનાર છે ! કેશવલાલ ! ચાલો મારી સાથે તેની દુકાનમાંથી મારા હાથે તમારા લેણા રૂપિઆ જેટલો માલ સોંપી આપું છું."

એમકહી કલેકટર બહાર નિકળ્યો. કેશવલાલ તો ત્યાર પહેલોજ બહાર નિકળી ગયો હતો. બન્ને જણાં રામચંદ્રના મકાનથી દુર નિકળી ગયા. રામચંદ્ર એકલો પડી વિચારમાં પડયો. "એ કલેકટર જરૂર મારી દુકાન તોડશે અને સઘળો માલ કેશવલાલને સોંપી આપશે. પણ મારે એ બન્નેની પાછળ જઇ મ્હારો ચમત્કાર બતાવવો જોઇએ !" એમ વિચાર કરી છરાને કમરમાં ગોઠવી ઉપર કપડા પહેરી લઇને બહાર નિકળ્યો.

અત્ર કહેવું જોઇએ કે રામચંદ્ર પરણેલો હતો; તથાપિ અત્યારે તે સ્ત્રી વિનાનો હતો. બે માસ પહેલાના રોગ ચાળામાં તેની પત્નિ રામશરણ પામી ગઇ હતી. સંતાનમાં પણ તેને કાંઇ ન હતું. સંતાનનાં સુખનો સારા ભાગ્યશાળીનેજ ઉદાર ધર્માત્માનેજ મળી શકે છે ! ગૃહમાં નોકર તો તે રાખતોજ નહિ. એટલે કે તે ઘરમાં એકલો કુક્કડ હતો !

કલેકટર અને કેશવલાલ બહાર નાકે ઉભેલી ગાડીમાં બેઠા. ગાડી કલેકટરના બંગલે લઇ જવામાં આવી. એટલા માટે કે ! "બંગલેથી પાંચ દશ પોલીસો લઇ આવ્યા

પછી રામચંદ્રની દુકાન ખોલવી. " કલેકટર ઉતાવળીઓ નહોતો. અંગરક્ષણ માટે પોલીસો લીધા પછી સાહસ કરવું એમ ધારી તે બંગલે આવ્યો. દશ પોલીસની ટુકડી લીધી. પોતાની બીજી ગાડીમાં તે બધાને બેસાડયા અને બન્ને ગાડી રામચંદ્ર ઝવેરીની દુકાન તરફ એટલે કે ઝવેરી બજાર તરફ દોડાવી.

રસ્તામાં કલેકટરે કેશવલાલને કહ્યું: " કેશવલાલ તમે એવા દુષ્ટની સાથે કયાંથી કામ પાડયું ? "

" સાહેબ ! " કેશવલાલે બોલવા માંડયું ! " પહેલાં કાંઇ થોડીજ ખબર પડે છે કે તે આવો છે. એક વખત માણસ સાથે કામ પડયા પછી તેના ગુણાવગુણોની ખબર પડે છે. રામચંદ્ર ઝવેરીની સાથે આ મારો પહેલ વહેલોજ પ્રસંગ છે. પહેલા મને ખબર નહોતી કે ભાઈ આવા દિવાળીયા છે ! નહિતર હું કાંઇ મુર્ખ છું કે વીસહજાર રૂપિઆ સુધી હું તેને ધીર્યા કરૂં ? પણ હવે પાછળથી ખબર પડી કે તે તો મ્હોટો દિવાળીયો છે ! ખૂની છે ! ઝેરી છે!"

બન્ને ગાડીઓ રામચંદ્ર ઝવેરીની દુકાન પાસે આવી પહોંચી. બધા ગાડીથી નીચે ઉતર્યા. કલેકટરે પાંચ પોલીસોને દુકાનના ઓટલે આજુબાજુ તપાસ રાખવા માટે ઉભા રાખ્યા. બીજા પાંચને દુકાનની બન્ને તરફ નાકા ઉપર નજર રાખવનું કહ્યું: અને પછી દુકાન ખોલવા ગયા. તાળું ખોલવું શી રીતે ? કલેકટર મુંઝાયો. બંગલે ગયો ત્યારે

તાળું ઉઘાડવું પડશે તેવું તેને કાંઈ યાદજ ન આવ્યું. એક પોલીસે કલેકટરની મુઝવણનો અંત આણ્યો. એટલે કે બાજુમાંથી એક મ્હોટો પત્થર લઈ તાળા ઉપર બે ત્રણ પ્રહારો કર્યા. તાળું તૂટી નીચે જમીન પર પડી ગયું. કલેકટરે દુકાન ઉઘાડી.....ડાચું ફાટી ગયું !....દુકાનમાં કાંઇજ ન હતું ! સિવાય કે ખાલી કપાટના ખોખા !

## પ્રકરણ છઠ્ઠું.

### " ડીટેકટીવને ઠગ્યો ! "

કુલેટર આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયો. અને તેની સાથે કેશવલાલના આશ્ચર્યનો પણ અવધિ થયો. " હજી તો ચાર કલાક પહેલાંજ દુકાનમાં હીરા મોતી માણેક ચાંદિ ઝવેરાત ચળકતું હતું. અને એટલીવારમાં કયાં ગેબ થઈ ગયું ! "

કલેકટરે આશ્ચર્ય ચકિત નેત્રે કેશવલાલ તરફે જોઈ કહ્યું "

" કેશવલાલ ! દુકાનમાં તો કંઈ નથી ! "

" સાહેબ ! " કેશવલાલે કહ્યું: " લગભગ દશ વાગ્યાના સુમારે હું આ દુકાનમાંજ હતો. અને એ વખતે તો દુકાનમાં પુષ્કળ ઝવેરાત હતું. ! "

" ત્યારે અત્યારે કેમ નથી ? "

" તે પ્રભુ જાણે ! "

પોલીસોને સાથે લઇ કલેકટર અને કેશવલાલ બન્ને રામચંદ્ર ઝવેરીના મકાન પાસે આવ્યા મકાન બહારથી બંધ હતું. કલેકટરે અનુમાન કર્યું કે: " રામચંદ્ર બહાર ગયો હશે ! " .... પણદુકાનનું ઝવેરાત કયાં ગેબ થયું ? ....તે વિષે કલેકટર કશું પણ અનુમાન કરી શકયો નહિ. કેશવલાલ બિચારો માથું ખંજવાલવા લાગ્યો કલેકટર જેવાની આંખમાં ધુળ નાખનાર રામચંદ્રની ચાલાકી–બાહોશી ઉપરતે આફ્રિન પોકારવા લાગ્યો. કલેકટરે સિગારેટ સળગાવતાં પ્રશ્ન કર્યો:

" કેશવલાલ ! હવે શું કરવું ? "

" આપ સાહેબને ગમેતે. " કેશવલાલે સભ્યાતા પૂર્વક શબ્દો ઉચ્ચાર્યા.

" દુકાનમાં કાંઈ નથી; તેમજ રામચંદ્ર પણ ઘરમાં જણાતો નથી. માટે હાલતો આપણે અહિંથી જઈએ. સ્હવારે આ વિષે વધુ પ્રયાસ કરી શું ? " " આપ સાહેબની મરજી " કેશવલાલે કહ્યું:

કલેકટર અને કેશવલાલ વીલે મોઢે પોત પોતાના સ્થાનકે ચાલ્યા ગયા.

જ્યારે કલેકટર, રામચંદ્રની દુકાન તોડવા કેશવલાલની સાથે રામચંદ્રના મકાન બહાર નિકળ્યો હતો, ત્યારે

રામચંદ્ર તેની પાછળ બહાર નિકળ્યો હતો એ આગળ જણાવાયું છે. જ્યારે રામચંદ્ર બહાર નિકળ્યો ત્યારે કલેકટર અને કેશવલાલ બહુ દુર નિકળી ગયેલા ન હોવાથી પાછળ રામચંદ્ર ધીમે ધીમે ચાલતો હતો. નાકે આવીને બન્ને જણાં ગાડીમાં બેસી રવાના થયા. રામચંદ્રે તે જોયું. તેણે તરતજ પોતાની દુકાન ખોલીને અંદરથી બહુ મુલ્ય સર્વ ઝવેરાત લઈ લીધું અને પ્રથમની માફક દુકાન બંધ કરી સ્ટેશનરોડ પર આવેલી એક ધર્મશાળામાં ગયો. ધર્મશાળાના ઉપરિને કહીને તેણે એક રૂમ લીધી. અમારે કહેવું જોઇએ કે રામચંદ્ર અત્યારે બીજા વર્ગમાં હતો. એટલે તેને કોઈ ઓળખી શકયું નહિ. રાત્રિનો સમય ! રામચંદ્રની વેષ પરિવર્તન કરવાની ચાલાકી ! પછી કોની મગદૂર કે કોઈ કળી શકે કે છુપા વેષમાં છુપાયલો આ તો રામચંદ્ર ઝવેરી છે !

ધર્મશાળામાં રૂમ મળી અને રામચંદ્રે ઉતારો કર્યો. તેણે પોતાનું નામ ખોટું લખાવ્યું હતું. "શાંતિદાસ શિવદાસ રહેવાસી મણિપુર" જ્યારે તેણે રૂમમાં ઉતારો કર્યો, ત્યારે લગભગ ત્રણ વાગી જવા આવ્યા હતા. રૂમમાં આવીને તેણે વિચાર કર્યો. "ઝવેરાતતો બચી ગયું ! પણ એ નીચનાં મ્હારે તાત્કાળિક ખૂન કરવાજ જોઇએ. હજી રાત્રિ છે. બે કલાક પછી દિવસનાં અજવાળા પૃથ્વીપર આવશે. પણ બે કલાકમાં તો ઘણું એ કરી શકાય. ત્યારે

અત્યારે જવું ? હા પણ કોનું ખૂન કરવું ? કલેકટરનું કે કેશવલાલનું ?" ક્ષણભર વિચાર કર્યા પછી તેણે આગળ ચલાવ્યું. "બન્નેનું ખૂન કરવું. પણ પ્રથમ કેશવલાલ અને પછી સારંગપુર આખા ઉપર એક રાજા જેટલી સત્તા ધરાવવાનો ગુમાની કલેકટર ! એવી રીતે વારા ફરતી ખૂન કરવા કલેકટરને પોતાની સત્તાનું ગુમાન છે, તો મને મારી શકિતનું અભિમાન છે."

મન સાથે એ પ્રમાણે વિચાર કરી તે રૂમની બહાર નિકળી ધર્મશાળાના મુખ્ય દ્વાર પાસે આવ્યો દ્વારરક્ષક જાગી ગયોઃ "કોણ ?"

"એ તો હું !"

"હું કોણ ?" દ્વારરક્ષક એમ કહેતો બેઠો થઈ ગયો. બત્તીના પ્રકાશમાં રામચંદ્રને તેણે ઓળખ્યો અને બોલ્યો. "ત્હમે હમણાં આવ્યા તેને ? શું નામ...શાંતિદાસ ! કયાં જવું છે આપને ?"

રામચંદ્ર મ્હોં હાવકું રાખી બોલ્યોઃ "સ્ટેશનપર જવું છે. મારા સામાનની એક ટ્રંક ત્યાં પ્લેટ ફોર્મ ઉપર હું ઉતાવળમાં ભૂલી ગયો છું. ટ્રંકમાં જરા જોખમ છે. દ્વાર ખોલી આપો. હું જલ્દી જઉં."

દ્વારરક્ષક, રામચંદ્રના આ કપટી ઉત્તરના ભેદને કળી શકયો નહિ. તેણે સાચું માન્યું અને દ્વાર ઉઘાડી આપ્યું.

રામચંદ્ર બહાર જાય ત્યાર પહેલાં દ્વારરક્ષકે પૂછ્યું: "તમારી રૂમમાં કાંઈ જોખમતો નથીને ?"

"જોખમ મારી આ બેગમાં છે. અને તે હું સાથે લઇ જાઉં છું ! અર્ધા કલાકમાં પાછો આવીશ."

એમ કહી રામચંદ્ર બહાર રસ્તા પર આવ્યો. દ્વાર રક્ષકે દ્વાર બંધ કરી દીધું. રસ્તો જન શુન્ય હતો. રસ્તા ઉપર રામચંદ્ર પાંચ મિનિટ થોભ્યો અને વિચાર કરવા લાગ્યો; "આ બેગ કયાં મૂકવી ? જે છે તે બેગમાં છે ! બેગ સાથે રાખીને કામ પાર પડી શકશે નહિ." તેને એક વિચાર સુઝી આવ્યો. પોતાનો એક સ્નેહી નામે કાન્તિલાલ, એક આબરૂદાર વ્યાપારી ગૃહસ્થ હતો. તેને જઇને પોતાની બેગ સોંપવાનો તેણે વિચાર કર્યો. આ વિચાર તેને સારો જણાતાં તેણે પોતાનું મૂળ સ્વરૂપ કરી નાંખ્યું. એટલે કે બનાવટી મોટી મૂછો, નાક પરના ચશ્મા, શરીર પરનો ઝબ્બો અને માથા પર ચોંટાડેલા વધારાના વાળ કાઢી નાખ્યા. અને ઉતાવળી ગતિએ કાન્તિલાલના ગૃહ તરફના રસ્તે પડયો.

તે આજુબાજુ દૃષ્ટિપાત કર્યે જતો હતો. રખેને કલેકટર કે તેનું કોઈ માણસ તપાસ માટે ફરતું હોય અને પોતાને દેખી જાય ! એ ડરથી તેની આંખો ચોગરદમ ફર્યા કરતી હતી. તે એક વિશાળ રસ્તો વીતાવીને એક ન્હાની ગલીમાં પ્રવેશ્યો. પણ તે ગલીમાં આગળ વધે ત્યાર પહેલાં પાછળથી એક અવાજ તેના કાનપર આથડયો: "કોણ છે ? જે હોય તે ઉભા રહો !"

રામચંદ્રે ચાલાકીથી પાછળ જોઇ લીધું. એક ડીટેક-ટીવનો તે અવાજ હતો. પણ ડીટેક્ટીવ થોડે દુર હોવાથી તેણે વેષનું પરિવર્તન કરી નાખ્યું. જાણે શાંતિદાસ શિવદાસ.

વેષ પરિવર્તન કરીને રામચંદ્ર નિડર પણે ઉભો રહ્યો. ડીટેક્ટીવે રામચંદ્રને ગલીમાં પ્રવેશ કરતા જોયો અને અવાજ કરેલો. પછી એક મ્હોટા મકાનની પાછળ થઇને એ ગલીના નાકે ડીટેક્ટીવ આવ્યો. જ્યારે ડીટેક્ટીવ મકાનના ઓથે રહ્યો ત્યારે રામચંદ્રે પોતાના વેષનું પરિવર્તન કરી નાખ્યું હતું?

ડીટેક્ટીવે આવીને રામચંદ્રને નખથી શિખા પર્યંત જોઇ લીધો. પછી પુછયું: "તમારૂં નામ ?"

"શાંતિદાસ" રામચંદ્રે કાંઈપણ ન ગભરાતાં ઉત્તર આપ્યું,

"ક્યાં રહો છો ?" ડીટેક્ટીવે બીજો પ્રશ્ન કર્યો.

"મણિપુર." રામચંદ્રે ઉત્તર આપ્યો.

"મણિપુર ?" ડીટેક્ટીવ જરા મોટા અવાજે બોલ્યો !" કોને ત્યાં ઉતર્યા છો ?"

"ધર્મશાળામા." રામચંદ્રે નિડર અવાજે ઉત્તર આપ્યો.

"રૂમ નંબર ?" ડીટેક્ટીવે તેનો પીછો લીધો.

"નંબરનું ધ્યાન નથી." રામચંદ્રે એ વિષે પોતાની અજાણતા દર્શાવી. કારણકે નંબર ગમે તે આપે અને બીજે

દિવસે તપાસ કરતાં તે ખોટો માલુમ પડે તો પોતે શકદાર તરીકે સિદ્ધ થાય. એટલા માટે તેણે નંબરનો ગપ ગોળો ચલાવ્યો નહિ.

"વારૂ, સારંગપુરમાં કયારે આવ્યા છો?" ડીટેકટીવે પ્રશ્ન પૂછ્યો.

"એક કલાક પહેલાં." રામચંદ્રે મ્હોં ઠાવકું રાખી ઉત્તર આપ્યો.

"કયાંથી આવ્યા?" ડીટેકટીવ રામચંદ્રની બેગ સામું જોઇને બોલ્યો:

"મણિપુરથી." રામચંદ્રે ખોટું ચલાવવા માંડયું: જરા વધારે અહિં કામ હશે!

"અહિ કંઈ કામ હશે!" ડીટેકટીવે બેગપરની દષ્ટિ ઉંચી કરતાં કહ્યું:

"હાજી." રામચંદ્રે ડીટેકટીવ પ્રતિ એક વેધક દષ્ટિ કરતાં કહ્યું:

"શું ધંધો કરો છો?" ડીટેકટીવે ભેદક દષ્ટિ પાત કરતાં કહ્યું:

"કાપડ વેચવાનો." રામચંદ્રે ખોટુંજ ભરડવા માંડયું.

"અહિં કાપડ લેવા આવ્યા હશો!"

"હા!"

"શું તમારૂં નામ?" આટલાં બધા સવાલ જવાબ થયા પછી વળી ડીટેકટીવે નામનો પ્રશ્ન કર્યો. એમ ધારીને

કે પહેલાં આપેલું નામ ખોટું હોય તો પકડાઈ જાય. રામચંદ્ર કાંઈ એનાથી પોચો ન હતો. તેણે ઝડપથી પુછા- યલા પ્રશ્નનો ઉત્તર પણ ઝડપથીજ આપ્યો: “શાંતિદાસ.”

“અત્યારે કયાં જાઓ છો?”

“મારા એક સ્નેહીને ત્યાં.”

“તમારા સ્નેહીનું નામ?”

“કાંન્તિલાલ મગનલાલ નગરશેઠ.”

નગર શેઠનું નામ સાંભળી ડીટેક્ટીવે તેને બહુ સવાલ પુછવાનું માંડી વાળ્યું. તેણે અનુમાન કર્યું કે “નગરશેઠનો સ્નેહી કાંઇ લુચ્ચો કે બદમાશ ન હોય.”

“જાઓ.” કહી ડીટેક્ટીવ પોતાના રસ્તે પડયો.

ડીટેક્ટીવ જાહેર રસ્તા ઉપર આવ્યો ત્યાં એકબાજુથી સાઈકલ પુર જોસમાં પોતાની તરફ આવતી તેણે જોઈ. ડીટે- કટીવ ખંચાયો. અને સ્થંભી ગયો, સાઈકલ એકદમ પાસે આવી. ડીટેક્ટીવે ટોપી ઉતારી માન આપતાં કહ્યું. “વેલમી આનંદલાલ! અત્યારે?”

“રામચંદ્ર ઝવેરી કયાંય ન્હાસી ગયો છે. તેને પકડી પાડો. લગભગ બે કલાક પહેલાં તે તેના મકાનમાં હતો. હમણાં તે દુકાનમાંથી પોતાના ઝવેરાતની સાથે કયાંય ચાલ્યો ગયો હોય એમ કલ્પાય છે પરંતુ તે સારંગરપુરમાંજ હોવો જોઇએ. કારણકે મ્હેં તેને જોયો છે ત્યારપછી કોઈ- [illegible]

છોડી બીજે ગામ ચાલ્યો ગયો હોય. માટે તમે એકદમ તપાસ ચલાવો, અને એને પકડી પાડો.

"શા માટે તે ન્હાસી ગયો છે?" ડીટેકટીવે પ્રશ્નકર્યો.

"વાત એમ બની કે તેની પાસે એક માણસ વીસ હજાર રૂપિઆ માગે છે. તે માણસે મને તો કહ્યું વસુલ કરાવી આપવાની અરજ કરી અને હું તેની સાથે તેના મકાને ગયો. તે વખતે હું એકલોજ ગયો હતો, મને એકલો જોઇ તેણે છરો લઇને મારા તરફ આક્રમણ કરવા વિચાર કર્યો; અને હું એકદમ મારા બંગલે પહોંચી ગયો પાકલાક પછી દશ પોલીસોને લઇને એના મકાનમાં હું આવ્યો ત્યારે મકાન બંધ હતું! દુકાન ખોલી તો અંદર કાંઈ નહિ! હું અનુમાન કરૂં છું કેઃ હુ મારા બંગલે પોલીસોને લેવા ગયો એટલા ટાઇમમાં દુકાનમાંથી ઝવેરાત લઇને ક્યાંય ન્હાસી ગયો હશે! પરંતુ ચોકસ વાત છે કે તે સારંગપુર છોડી ગયો નથી! માટે ગમે તેમ કરી એ માણસને પકડી પાડો!"

"તેની ઉમ્મર કેટલી છે?" ડીટેકટીવે પ્રશ્ન કર્યોઃ

"શું પૂછો છો ? પેલા રામચંદ્ર ઝવેરી! નથી ઓળખતા! ઝવેરી બજારના નાકા પર એની દુકાન છે!" કલેકટરે કહ્યુંઃ

"હા. હા. ઓળખ્યો." ડીટેકટીવે કહ્યુંઃ "હું તેની તપાસ ચલાવું છું. પણ હમણાં પાંચજ મિનિટ પહેલાં

અને એક માણસ મળ્યો હતો. અને તેની હાથમાં બેગ હતી પણ તે—"

"તે કોણ હતો? નામ ઠામ પૂછયું હતું?"

"હા. નામ શાંતિદાસ. ગામ મણિપુર. અને ધર્મશાળામાં ને ઉતરેલો."

"ચાલો ધર્મ શાળામાં" કલેકટરે કહ્યું: "આપણે વધુ તપાસ કરીયે. આટલી મોડી રાતે જે માણસ રખડતો ફરે તે કાંઇ પ્રતિષ્ઠિત ન હોય. કદાચ પ્રતિષ્ઠિ હોય તો તેની સાથે ગાડી કે કાંઈ વાહન હોય."

"આતો પગે ચાલતો જતો હતો." ડીટેકટીવે કહ્યું:

"ત્યારે હું તો કલ્પું છું કે જરૂર તેજ રામચંદ્ર ઝવેરી હોવો જોઈએ. તેના હાથમાં કાંઇ હતું?"

"એક ન્હાની ચામડાની બેગ હતી."

"બેગમાં શું હતું તે જોયું છે?"

"ના."

"એ માણસજ રામચંદ્ર ઝવેરી! અને બેગમાં ઝવેરાત લઈને તે કયાંય સંતાઇ રહેવા જતો હશે. ચાલો કયે રસ્તે તે ગયો. આપણે તેની પાછળ જઇએ."

"આ સામેની ગલીમાં તે ગયો છે." ડીટેકટીવે કહ્યું:

"ને કયાં જવાનું બોલ્યો હતો?"

"કાન્તિલાલ મગનલાલ નગર શેઠ ને ત્યાં."

"ઠીક ચાલો આપણે એ નગર શેઠ ને ત્યાંજ સીધા

જઇએ. કદાચ તે માણસ ત્યાં ગયો હશે અને આપણે પહોંચીજ શું તો તે માણસ રામચંદ્ર પોતેજ છે કે અન્ય કોઈ છે તે બારીકીથી ઓળખી શું. તમે તેને ઓળખો છો પરંતુ મારા અનુમાન પ્રમાણે તે માણસજ રામચંદ્ર હોય તો મારે કહેવું જોઇએ કે તેણે વેષ પરિવર્તન કર્યું હશે! અને તમે બાહોશ ડીટેકટીવ એક સાધારણ ઝવેરીની ચાલાકી ન પકડી શકયા....પણ હવે વિલંબ ન કરો. ઉતાવળ કરો. આપણે જલ્દીથી નગર શેઠ ના મકાને જઈ પહોંચીએ અને કોઈ માણસ આવ્યો હતો કે કેમ? તે પુછી લઇએ જો નહિ આવ્યા નું કહેશે તો આપણે સવાર સુધી ત્યાં રોકા શું અને સવાર સુધીમાં તે માણસ નગર શેઠ ને ત્યાં નહિ આવે તો નિશ્ચય વાત કે તે માણસ શાંતિદાસ નહિ પણ રામચંદ્ર ઝવેરી! અને તેણે તમારા જેવા એક ચાલાક ડીટેકટીવને ઠગ્યા. પરંતુ હું ધારૂં છું કે તે માણસ રામચંદ્ર હોય અને બનાવટી વેષમાં તમે તેને જોયો હોય તો તમે જરૂર પકડી પાડો. પરંતુ અને તે માણસ પર શક જાય છે એટલે આપણે તપાસ તો કરવી જોઈએ. ”

પાસેની પોલીસ ગેટપરથી ડીટેકટીવ એક સાઇકલ લઇ આવ્યો અને ઉભય નગરશેઠના બંગલા ભણી ગયા

## પ્રકરણ સાતમું.

## —ભાવિ ખુનની જાહેરાત—

રામચંદ્ર આડાઅવળા રસ્તા પસાર કરી કાંતિલાલના બંગલે આવી પહોંચ્યો. બંગલાનું દ્વાર બંધ હતું. સમય સાડાત્રણનો હતો. દ્વાર ઉપર કોઇ હતું નહિ. રામચંદ્ર મુંઝાયો. હવે શું કરવું ?

કલેકટરને તેણે નિષ્ફળ કર્યો હોવાથી કલેકટર જરૂર તપાસ ચલાવશે, અને સંભવ છે કે એ તપાસમાં પોતાનો પત્તો મળી પણ જાય. આવા ડરથી તેનું હૃદય સ્હેજ કંપી તો ગયું. પણ બીજીજ પળે તેણે હિંમત ધરીને દ્વારની સાંકળ જોરથી ખખડાવતાં અંદરથી ઘાટીએ બૂમ મારી!" કોણ છે ? "

" જરા ઉઘાડજો. શેઠને મળવું છે. જરૂરનું કામ છે. " રામચંદ્રે કહ્યું, ઘાટીએ અંદરથી દ્વાર ખોલ્યું. અને રામચંદ્ર અંદર ગયો. ઘાટીને તેણે પૂછ્યું: " શેઠ સૂતા હશે ! "

" હાજી ! જરૂરનું કામ છે ! તો જાગ્રત કરૂં ! " ઘાટીએ નમ્રતા પૂર્વક કહ્યું:

" હા મને જરૂરનું કામ છે. "

ઘાટી અંદર ગયો અને શેઠને જાગ્રત કરીને કહ્યું: " એક માણસ તમને મળવા માગે છે ! "

"કોણ છે ?" શેઠે આંખો મસળતાં પૂછ્યું.

કાંતિલાલ સ્વભાવે શાંત હતા. વૃદ્ધ હતા. ઉદાર હતા, ધર્મ પ્રિય હતા. આખા સારંગપુરમાં અગ્રેસર ગણાતા નગરશેઠ હતા. પોતાની શાંત નિંદ્રાનો ભંગ કરવા માટે ધુંવા ફુંવા થઇ જાય એવા લક્ષ્મીના ગુમાની કાંતિલાલ ન હતા, અને તેથીજ પોતાની નિંદ્રાનો ભંગ થતાં છતાં તેઓએ શાંતપણે પ્રશ્ન કર્યો " કોણ છે ?"

ઘાટીએ કહ્યું: " મેં નામ પૂછ્યું નથી. બહાર ઉભા છે."

" તેમને અહિં મોકલ." શેઠે આજ્ઞા દીધી.

ઘાટીએ આવીને રામચંદ્રને કહ્યું: " શેઠ જાગ્યાં છે. આપને બોલાવે છે. સામેના રૂમમાં જાઓ."

રામચંદ્ર, ઘાટીના બતાવેલા રૂમમાં ગયો. કાન્તિલાલ શેઠ પથારીમાં બેઠા હતા. રામચંદ્રે નમન કર્યું. શેઠે તે ઝીલ્યું અને પૂછ્યું;

" કેમ આવ્યા છો રામચંદ્ર ભાઇ !"

શેઠના આ શબ્દોમાં મીઠાશ હતી. મૃદુતા હતી. શાંતતા હતી.

" આપને જરા તસ્દી આપવા." રામચંદ્રે ઉત્તર આપ્યો

" શું ?"

" આ મ્હારી બેગ આપને ત્યાં રાખો. મ્હારે થોડા દિવસના માટે બહાર ગામ જવું છે. બેગમાં ઝવેરાત છે.

દુકાનમાં રાખી જતાં જોખમ લાગે છે એથી આપને અત્યારે ઉંઘમાં જગાડી આટલી તસ્દી આપવાની છે."

"બહુ સારૂ. બેગ મૂકી જાઓ. એમાં તસ્દી શાની ?" શેઠે પલંગ પરથી નિચે ઉતરતાં એ શબ્દો ઉચ્ચાર્યાઃ

"આપનો અત્યંત આભાર. લ્યો આ બેગ. મને જવાની ઉતાવળ છે."

"બેગમાં શું શું છે તેની ટીપ છે કે ?" શેઠે વ્યાવહારિક દ્રષ્ટિ વાપરીઃ

"ટીપ તો નથી. કહોતો બેગ ખોલીને બતાવું."

"કાંઇ બતાવવાની જરૂર નથી. મૂકી જાઓ. તમે થોડુંજ પછી વધારે હતું' કરીને ગળે પડવાના હતા !"

"નારે શેઠ !" રામચંદ્રે કહ્યું "એવો દગો—ફટકો કરીને કયે ભવ છુટવું !"

કેવા ધર્માત્માના મીઠા શબ્દો ! માણસનો સંહાર કરવા જેટલી નિર્દયતાને હૃદયમાં ધારણ કરી રહેલા માણસના આ શબ્દોઃ "દગો—ફટકો કરીને કયે ભવ છુટવું ?" ખરેખર ! કપટી અને નિષ્ઠુર માણસો ઉપરથી તો મ્હોટા ધર્માત્મા હોવાનો ફાંકો બતાવે છે. ડોળ કરે છે. દંભ કરે છે પરન્તુ અંદર હળાહળ વિષ ભરેલું હોય છે. અને પ્રસંગ આવતાં તે વિષનો છુટથી ઉપયોગ કરતાં આવા દંભી માણસો લેશ પણ અચકાતા નથી. માણસને ખાલી દુઃખા-

વવામાં પણ શાસ્ત્રો કહે છે કેઃ "એ મ્હોટું પાપ છે." તો પછી માણસને સંહારવામાં કેટલું પાપ સમાયલું છે તેની કલ્પના કરવી પણ મુશ્કેલ થઈ પડે એમ છે. રામચંદ્ર ઝવેરી, માણસનું ખૂન કરવા જેટલી હદે જવા ઇચ્છે છે, અને એ પોતાની દુષ્ટેચ્છા પુર્ણ કરવામાં આવ્યા રૂપ મનાતી બેગને સુરક્ષિત જગ્યાએ મૂકવા આવેલો છે; અને તેનું હૃદય કેશવલાલ અને કલેકટરના શબ ઉપર હાસ્ય ફેંકવા અત્યંત આતુર બની ગયું છે, એટલે કે તે ભયાનક "ઝેરી ઝવેરી" ના નામને યોગ્ય બનવા જેટલા ભયંકર કૃત્યમાં પોતાને ઝંપલાવે છે અને સુખેથી કેવા મીઠા—જાણેકે પવિત્રતાની મૂર્તિજ કેમ હોય! તેમ સુંદર શબ્દો ઉચ્ચરે છેઃ "દગો—ફટકો કરીને કયે ભવ છુટવું?" ખરેખર! જમાનાની એ વિચિત્રતા છે.

"દંભ ધર્માત્મા તણોને કાર્ય રાક્ષસના થતા.
"વદને સુધા દેખાડતા ને અંતરે બિક રાખતા;
"પણ લાગ આવે તે સમય બાજી ખુની ખેલાવતા,
"ચાલુ જમાનામાં ઘણાં એવા નરો નજરે થતાં."

"ઠીક ત્યારે બેગ સામેની પેટી ઉપર મુકી જાઓ. હું સવારે તેને તિજોરીમાં મૂકી દઈશ. તમારે તેની ચિંતા રાખવી નહિ," કાંતિલાલે એ પ્રમાણે કહ્યું: અને રામચંદ્રે, પલંગની બાજુમાં પડેલી એક કાષ્ટની પેટી ઉપર પોતાની બેગ મૂકી અને આભાર દર્શક શબ્દો ઉચ્ચાર્યાઃ

" આપે મારૂં કામ કર્યું એ માટે હું આપનો આભાર માનું છું !"

રામચંદ્ર પ્રણામ કરીને પછી તરત કાંતિલાલના બંગલા બહાર નિકળી ગયો. રામચંદ્ર, બંગલાથી હજી થોડે દુર જવા નહિ પામ્યો હોય ત્યાં કાંતિલાલના બંગલા પાસે બે સાઇકલો આવી પહોંચી. ડીટેકટીવને અંદર મોકલી કલેકટર બહાર ઉભો રહયો. રામચંદ્ર ઝવેરીને ગયા પાંચ મિનિટ પણ ન થઇ હોવાથી દ્વાર ખુલ્લું હતું. ડીટેકટીવ અંદર ગયો. કાંતિલાલ દાતણ કરવાની તૈયારીમાં હતા. ડીટેકટીવે શેઠને નમન કરીને પુછયું:

" અહિં રામચંદ્ર ઝવેરી આવ્યા હતા ને ? મારે તેમને મળવું છે !"

" હમણાંજ તેઓ ગયા. આસરે પાંચેક મીનિટ થઇ!"

" કયાં ગયા ?"

" એ ખબર નથી. પરંતુ એટલું કહી ગયા છે કે" હું બહાર ગામ જવાનો છું " " પછી ગમે ત્યાં ગયા હોય."

વધારે પૂછપરછ કરવાથી શેઠ કંઇપણ વ્હેમાય એમ ધારી ડીટેકટીવે નમન કરીને ચાલતી પકડી. બહાર આવીને કલેકટરને તેણે કહ્યું:

" એ માણસજ રામચંદ્ર ઝવેરી ! શાંતિદાસ ખોટું નામ ! તેણે વેષ બદલી નાખીને મારી આંખમાં ધુળ નાખી છે. પણ તેને તરતમાંજ પકડી પાડીશ. શેઠ કહે છે કે

તેને અહિંથી ગયા પાંચેક મિનિટ થઈ છે. હું ધારૂં છું કે તે હજી આટલામાંજ હશે. અહિંથી બે ઉભા રસ્તા જાય છે અને તે આગળ જતાં મ્હોટા રસ્તા મળે છે! એક રસ્તે તમે જાઓ અને એક રસ્તે હું જાઉં! આગળ ઉપરના મ્હોટે રસ્તે તે પહોંચશે નહિ ત્યાં આપણુ બન્નેમાંથી એકાદના હાથમાં તે સપડાઈ જશે. કારણ કે એ બન્ને સાંકડા રસ્તા વિતાવીને એ મ્હોટા રસ્તે પહોંચતા લગભગ પા કલાક થાય એમ છે. અને તેને ગયા પાંચ જ મિનિટ થઈ છે, માટે આપણે જરૂર તેને પકડી પાડીશું જાઓ તમે આ રસ્તે હું આ રસ્તે સાઇકલ દોડાવું છું આપણે મ્હોટા રસ્તા ઉપર મળીશું!"

એમ કહી ડીટેકટીવે સાઇકલ દોડાવી. કલેકટરે બીજા રસ્તે પોતાની સાઇકલ દોડાવી. રામચંદ્ર ઝવેરીને પકડવા માટે ઉભય વિખુટા પડયા.

કલેકટર ઉભો રસ્તો વિતાવી મ્હોટા રસ્તા સુધી પહોંચ્યો. પરંતુ માર્ગમાં તેણે રામચંદ્ર ઝવેરીને જોયો નહિ ડીટેકટીવની રાહ જોતો તે જાહેર રસ્તા ઉપર સાઇકલને ટેકવીને ઉભો રહયો. એક બે ત્રણ મિનિટ! ડીટેકટીવ આવી પહોંચ્યો. કલેકટરે આતુરતા પૂર્વક પ્રશ્ન કર્યો:

"કેમ?"

"રસ્તામાંથી મને આ કવર મળ્યું છે." કહી ડીટે

કશ્રીવે કવર ફોડયું અને મ્હોટેથી વાંચવા માંડયું: તે કવરમાં નિચેની મતલબનું લખાણુ હતું:

" કલેકટર આનંદલાલ પી.

" આવની કાલે રાત્રે તમારૂં ખૂન " થશે! તમારાથી જેટલી સાવચેતી રખાય—જેટલું રક્ષણુ રખાય—" તેટલું રાખવામાં કચાશ રાખતા નહિ. " લિ૦

ત્હમારૂં ખૂન કરવા ઇચ્છતો રામચંદ્ર ઝવેરી,

કલેકટરનાં હોજા ગગડી ગયા. ડીટેકટીવે વાંચન પુરૂં કરીને ઉદ્ગાર કાઢયા. " મને મળેલો માણુસ પોતેજ રામચંદ્ર ઝવેરી! તે આ રસ્તે થઇને હમણુાંજ કયાંય પસાર થઇ ગયો છે! જતાંજતાં દૈવયોગે તમને પહોંચાડવા તૈયાર કરેલું આ કવર મને હાથ આવ્યું છે. હું તેને પકડવા પુરતી કાળજીથી કામ લેવા માગું છું. મારી આંખમાં ધુળ નાખીને મારી આંખોને તે આબાદ ઠગી ગયો છે. મારી કારકીર્દિમાં ઝાંખપ આવે એવી રીતે તે મને છેતરી ગયો છે. પણુ હું તેને જરૂર પકડી પાડીશ. કાલની રાત્રે તમારે બરાબર સાવચેતી રાખવી. હું તમારા બંગલે આવીશ. જોઉં છું કે તે કેવી રીતે પોતાનું કામ પુરૂં કરે છે!"

ડીટેકટીવે એમ કહીને એકવર પોતાના ગજવામા મૂકયું; અને પછી બન્ને જુદા પડવાની તૈયારી કરે ત્યાર પહેલાં ત્યાંથી એક મોટર પુર વેગે પસાર થઇ ગઈ.

ડીટેકટીવના પગ આગળ એક કાગળ પડયો. ડીટેકડીવે એ કાગળ લઈને તરતજ સાઇકલ મોટરની પછવાડે દોડાવી. ડીટેકટીવની હસી ઈસારતથી કલેકટર ત્યાંજ ઉભો રહ્યો.

મોટર પુરવેગે જતી હતી. ડીટેકટીવે સાયકલ પુર જોરમાં દોડાવી, પરંતુ મોટરની લગો લગ થઇ શકી નહિ. આથી તેણે કંટાળીને મોટરને જવા દીધી. અને પાછો કલેકટર ઉભો હતો ત્યાં આવ્યોઃ મોટરમાંથી પડેલો કાગળ કવરના રૂપમાં હતો. ડીટેકટીવે કવર ફોડયું તો અંદરથી એક ન્હાની કાપલી નિકળી. તેમાં લખ્યું હતુંઃ

"સાવચેત રહોઃ"—"રામચંદ્ર ઝવેરી."

મોટરમાં રામચંદ્ર હશે એમ ધારીને ડીટેકડીવ પાછળ પડયો ન હતો જો તેણે જાણ્યું હોત કે મોટરમાં રામચંદ્ર ઝવેરી પોતેજ છે, અને પોતાની પાસેથી પસાર થતી વખતે કવર પણ તેણેજ ફેંકયું છે તો જરૂર તે મોટરનો પીછો છોડત નહિ. પણ હવે શું કરે ? મોટરતો કોણ જાણે કયાંય નિકળી ગઈ હતી. ડીટેકટીવે એ કાપલીને અજવાળામાં મૂકી દીધી. અને પછી કલેકટરને કહ્યું,

"કલેકટર સાહેબ ! આ ઝવેરી તો બડો ચાલાક જણાય છે. પાંચ મિનિટ પહેલાં તે કાંતિલાલના બંગલેથી નિકળ્યો; અને આપણે પાછળ પડયા. પણ એટલામાં તો તે વળી મોટરમાં પ્રસાર થઇ ગયો. અને આ કવર ફેંકવાનો

તેનો ઉદ્દેશ આપણને સાવચેત રહેવાનું કહીને પછી તે પોતાનું કરવા ધારેલું કામ કરી બતાવશે એવો હોવો જોઇએ. આપણે તેને જોયો નહિ; પરંતુ તેણે જરૂર આપણને જોઈ લીધા હશે. અને તેથી મોટર સ્ટેન્ડ પરથી મોટર ભાડે લઇને તે અહિંથી પસાર થયો. અને આ કવર ફેંકતો ગયો. આટલા ટુંક સમયમાં તેણે આ કામ કરી નાખ્યું એ ઉપરથી હું અનુમાન કરૂં છું કે તેનું ભેજું અજબ અને ગજબ હશે! તે સારંગપુર છોડીને કયાંય પણ જવાનો નથી એ ચોકસજ! આપણે તેને પકડવા માટેની સઘળી તૈયારીઓ કરી નાખવી ઘટે છે. એટલે કે તમે સઘળી ગેટો પર જઇને બધા પોલીસ અમલદારોને આ તપાસના કામમાં લગાડી દ્યો. અને હું મારી નીચેના તમામ ન્હાના ન્હાના ડીટેકટીવોને પણ આ બાબતમાં સામેલ કરી દઉં છું! કાલ રાત્રિ પહેલાં તેનો આપણે ગમે તેમ કરીને પત્તો મેળવવો જોઇએ. જો નહિ મળેતો પછી કાલની રાત્રિ આપણા માટે ઘણીજ ભયંકર છે!"

"હા." કલેકટરે ધડકતી છાતીએ કહ્યું. "તે ઘણોજ સાહસિક છે. ધારેલું કામ તે અવશ્ય પુરૂં કરશે માટે કાલની રાત્રિ પહેલાં તેને પકડી પાડવો જોઇએ છે. નહિંતર પછી મ્હારો જાન જોખમમાં છે. કારણ કે ગમે તેટલી સાવચેતી હશે–રક્ષણ હશે–તો પણ તે એવો ચાલાક છે એવો પહેલવાન જેવો બળવાન્ છે કે તે જરૂર મારૂં ખૂ........ન—"

કલેકટરને અટકાવીને વચ્ચેજ ડીટેકટીવ બોલ્યો:

"રામ રામ કરો! તમારૂં ખૂન કરવું એ કાંઇ ઓછા મહત્વની વાત નથી. એક સાધારણ માણસનું ખૂન કરવું અને એક સારંગપુર શહેરના સર્વ સત્તાધિશ અમલદારનું ખૂન કરવું એ બેમાં આકાશ પાતાળ જેટલો ભેદ છે. એક સાધારણ માણસનું રક્ષણ કરનાર કોઈ નથી હોતું એટલે તેના વિષે મનાય કે તેવા માણસનું ખૂન જરૂર એક ચાલાક માણસ કરી શકે. પરંતુ જેના તાબામાં પાંચ હજાર જેટલા તો પોલીસો છે; અને ધારેતો દરેક પોલીસોને પોતાના બંગલાની ફરતા ગોઠવી દેવા જેટલી શક્તિ ધરાવે છે; તે માણસનું ખૂન કરવું એ કાંઈ છોકરાના ખેલ નથી નજીવી બાબત નથી. માટે તમે બે ફિકર રહો; ગનત સુધી તો હું તેને આવતી રાત્રિ પહેલાંજ પકડી પાડું છું નહિતર કાલે તમારા રક્ષણ માટે ભરેલી રીવૉલ્વરે હું તમારી પાસે ખડો રહીશ અને બંગલાના ફરતા પોલીસો ગોઠવી દઈશ એ બિચારાની શી તાકાત છે કે તમારા પાંચસો કે હજાર પોલીસોથી રક્ષાયલા બંગલામાં તે પ્રવેશ પણ કરી શકે! અને જ્યાં પ્રવેશ કરવાની વાતજ નથી ત્યાં ખૂન તો કરીજ કયાંથી શકે? માટે એ બધી ચિંતાતજી સાવધાની પૂર્વક સઘળી ગેટો પર જઇ સઘળા પોલીસ અમલદારોને એ શયતાનને પકડવા માટેની ભલામણ અને તાકીદ આપો હું ધર્મશાળામાં જઇશ. કદાચ ત્યાંથી વધુ માહિતી મળશે તમે રસ્તામાં સાવધાન રહેજો."

એટલું કહી ડીટેકટીવ સાયકલ પર ચ્હડી ધર્મશાળા તરફ રવાના થયો. કલેકટર, ડીટેકટીવની સૂચનાનો અમલ કરવા ગયો, આ વખતે સાડા ચારનો સમય થઇ ગયો હતો. રસ્તાઓ ઉપર માણુસોની અવર જવર સ્હેજ સાજ થવા માંડી હતી. ધર્મશાળા પાસે ડીટેકટીવ આવ્યો. ધર્મશાળાનું દ્વાર અર્ધા કલાક પહેલાંજ ખુલ્લી ગયું, હોવાથી દ્વાર ઉઘડાવવાની ખટપટ ડીટેકટીવને કરવી પડી નહિ. સાયકલ દ્વાર પાસે રાખી તે આગળ વધ્યો. ધર્મશાળાના માણુસે આવીને પુછયું. "કેનું કામ છે?"

આ ડીટેકટીવનું નામ અનંત ખુબીરાવ હતું. નામ પ્રમાણે તેનામાં અનંત ખુબીઓ હતી. તે વેષ પરિવર્તન કરવામાં અત્યંત બાહોશ હતો. સારંગપુરમાં કોઇ પણ કળી શકયું નથી કે અનંત ખુબીરાવનું મુળ સ્વરૂપ કેવું છે? દરેક વખતે તે જુદા જુદા વેષ ધારણુ કરતો. સારંગપુરની પ્રજા માત્ર એટલું જાણુતી હતી કેઃ "અનંત ખુબીરાવ નામનો ડીટેકટીવ ગણોજ બાહોશ અને ચાલાક છે." પરંતુ અનંત ખુબીરાવને કોઈ દીઠે ઓળખતું નહિ.... ધર્મશાળાના માણુસના પ્રશ્નનો ડીટેકટીવે ઉતર આપ્યો "રામચંદ્ર ઝવેરીનું કામ છે."

તે માણુસે નામની રેકાર્ડ તપાસવા માંડી.

## પ્રકરણ આઠમું.

### " પઠાણના વેષમાં "

ધર્મશાળાના માણસે રેકર્ડ તપાસીને કહ્યું: " રા-મચંદ્ર નામનો અહિં કોઈ માણસ ઉતરેલો નથી."

" વારૂ.... " ડીટેકટીવ થોડીવાર વિચારમાં રહી પછી બોલ્યો: " જુઓ કોઇ શાંતિદાસ છે ? "

તે માણસે વળી રેકર્ડ તપાસી. શાંતિદાસ શિવદાસનું નામ રેકર્ડમાં હતું. તે માણસે એ નામ જોઈને તરત કહ્યું: " છે. નવમાં નંબરની રૂમમાં છે."

ડીટેકટીવ નવમા નંબરની રૂમ પાસે ગયો રૂમ બહારથી બંધ હતી. તેણે અનુમાન કર્યું કે " મોટરમાં એ ઝવેરી હજી ફરતો હશે! પણ તે અહિં તો જરૂર આવશે એથી આ સ્થળે ખાસ દેખરેખ રાખવી જોઇએ." ઘણીવાર વિચાર કર્યા પછી તે રેકર્ડ તપાસી આપનાર માણસ ગયો. અને કહ્યું કે: " તે માણસ ધર્મશાળામાં નથી. બહાર ગયેલ હોય એમ જણાય છે. તે આવે ત્યારે —" અહિં તે અટક્યો. શું કહેવું? વાત જાહેર કર્યા વિના છુટકો નથી એમ ધારી તેણે અધુરૂં પુર્ણ કર્યું. " ત્યારે પોલીસ ગેટપર ખબર આપજો. અને પોલીસનો

માણસ કોઇ આવી પહોંચે નહિ ત્યાં સુધી એ માણસને ધર્મશાળાની બહાર જવા દેશો નહિં કારણકે તે માણસ શકદાર છે. હું ડીટેકટીવ છું ! " એમ કહી તેણે પોતાનો ડીટેકટીવ તરીકેનો ચાંદ બતાવ્યો. અને પછી સખ્ત શબ્દોમાં ઉમેર્યું કેઃ "તમારે જરૂર પોલીસ ચોકી ઉપર ખબર આપવી અને તેને તમારા કબજામાં રાખવો. ખબરદાર ! આમ કરવામાં ગફલતી થાય નહિ. એ માણસને પકડવા પોલીસો બહુ તપાસ કરે છે ! "

" સારૂ સાહેબ ! " તે માણસે નમ્ર પણે કહ્યું:

ડીટેકટીવ તરત સાયકલ લઇ પોતાના રસ્તે પડયો.

ડીટેકટીવ અનંત ખુબીરાવને ગયાને પા કલાક થયો હશે ત્યાં રામચંદ્ર ઝવેરી ધર્મશાળામાં આવ્યો. સ્હવાર પડી ગઈ હતી. જોકે સૂર્યોદય થવાને વાર હતી; તથાપિ રાત્રિની છાંયા ઓછી થઈ ગઈ હતી. છ વાગ્યાનો સમય હતો. રામચંદ્ર જેવો ધર્મશાળામાં ગયો તેવોજ ધર્મશાળાનો માણસ તેની પાસે આવ્યો અને બોલ્યો: " તમારૂં નામ ? "

" શાંતિદાસ ! " રામચંદ્રે ઉત્તર આપ્યો.

તરત તેણે ઘાટીને પોલીસ ચોકીપર દોડાવ્યો અને કહ્યું કે: " તમારો શકદાર માણસ ધર્મશાળામાં આવી ગયો છે એમ કહે જે." ઘાટીના ગયા પછી તે માણસે કહ્યું

"પોલીસનો કોઈ પણ માણસ અહિં ન આવે ત્યાં સુધી ત્હમે બહાર જઇ શકશો નહિ. તમારી રૂમમાં બેસો."

બ્હાર જવા નહિ મળે !"

"પોલીસનો કોઈ માણસ અહિં આવી પહોંચે નહિ ત્યાં સુધી તો નહિજ."

'એમ હું નથી પુછતો" રામચંદ્રે કહ્યું ! "હું તો એમ પુછું છું કે મ્હને બહાર જવા નહિ મળે ? શા માટે ?"

"ત્હમે શકદાર છે ! પોલીસનો માણસ કહી ગયો છે !"

"કોણ તને કહી ગયું છે! તેને ઓળખે છે !"

"નામ જાણતો નથી. પણ તે ડીટેકટીવ હતો. તેની પાસે ચાંદ હતો. અને તેણે મને ચાંદ બતાવી તમને શકદાર કહી પોતાને પોલીસ ચોકી ઉપર ખબર આપવાનું કહ્યું છે !"

"તે કયારે આવ્યો હતો ?"

"હમણાંજ પંદર મિનિટ થઈ હશે."

"ઠી.... ક." કહી તે પોતાની રૂમમાં ગયો. પેલો માણસ ધર્મશાળાના મુખ્ય દ્વાર પાસે ખુરસી નાખીને બેઠો. એ દ્વાર સિવાય બહાર જવા માટે બીજો કોઈ માર્ગ હતો નહિ. રામચંદ્ર પોતાની રૂમમાં આવીને વિચાર કરવા લાગ્યો.

"હવે શું કરવું ? ઘાટી દોડતો ગયો છે ! થોડીવારમાંજ પોલીસના માણસો આવી પહોંચશે. અને મને પકડી પાડશે !" થોડીવાર તે સુનકારની માફક બેસી રહયો. પછી તરતજ

તે ટટ્ટાર થઇ ગયો. મગજમાં એક યુક્તિની સ્ફુરણા થઇ આવી અને તેની સાથે તેણે મગજમાં એક નવીનજ ચમત્કારો અનુભવ્યાં. તેણે તરત વેષનું પરિવર્તન કરી નાખ્યું. મુસલમાની કેપ, પઠાણુના જેવું ખુલતું પહેરણ, મ્હોટી મૂછો, મ્હોટા થોભીયા અને ઉરબી ચોરણો એ પ્રમાણે તેણે પહેરી લીધું અને ગજવામાંથી એક ન્હાનો આયનો કાઢી તેણે પોતાનું મ્હોડું જોયુઃ " વાહ ! જાણે રામચંદ્રજ નહિ ! આબાદ વેષ પરિવર્તન !" રામચંદ્ર મુછમાં હસ્યો. અને મનમાં મનમાં બોલતો એ રૂમની બહારના ભાગમાં ટેલવા લાગ્યો.

વાંચકો શંકા કરશે કે આ કપડા તેની પાસે કયાંથી આવ્યા ? એ શંકાના જોસન માટે જરા ખુલાસો કરવો યોગ્ય થશે,

કાન્તિલાલને ત્યાં બેગ મૂકીને પછી જેવો તે બહાર નિકળ્યો, અને નાકે ગયો ત્યાં કલેકટર અને કેશવલાલ બન્નેને કાંતિલાલના બંગલામાં પ્રવેશતા તેણે જોયા પાછળ તે તરત દોડીને ઉભો રસ્તો વિતાવી જાહેર રસ્તા પાસે આવી પહોંચ્યો. અહિંથી થોડે દૂર મોટરનું સ્ટેન્ડ હતું. તરત તે ત્યાં ગયો અને મોટર કલાકપર ભાડે ઠરાવી. મોટરમાં બેસતી વખતે તેણે ડીટેકટીવ અને કલેકટર બન્નેને રસ્તા ઉપર વાતચીત કરતા જોયા. મોટરનું સ્ટેન્ડ અને આ રસ્તા વચ્ચે કાંઇ અંતરાય ન હોવાથી કશીપણ અસંભવિ-

તતાનો સંભવ કલ્પવો નહિ. ડ્રાઇવરને એ જાહેર રસ્તા પર થઈને મોટરને લઇ જવાનું કહેતાં તરત તેણે નાની કાપલી લખી નાખી અને કવરમાં પેક કરી, પેલા બન્ને ઉભા હતા ત્યાંથી મોટર નિકળી અને તરત રામચંદ્રે તે કવર ફેંકી દીધું હતું. ત્યારપછી શું થયું એ આપણે આગળ જોઈ ગયા છીએ. એટલે કવર લઈને તરત ડીટેકટીવ રામચંદ્રની મોટર પછવાડે પડેલો અને મોટરની હરિફાઇમાં સાયકલ ન નાશી શકવાથી તે લાચારીથી પાછો ફર્યો હતો ત્યાં સુધી આગળ ઉપર લખાયું છે. હવે આગળ વધીએ. રામચંદ્રે જાણ્યું કે પાછળ પડેલા ડીટેકટીવ કંટાળીને--થાકીને પાછો ગયો છે એટલે તેણે એક ન્હાના રસ્તાના નાકાપર મોટર ઉભી રખાવી. અને ડ્રાઇવિર પાસે તેના કપડાની માગણી કરી. ડ્રાઇવિર પ્રથમ તો ખંચાયો; પરંતુ રામચંદ્રે પચાસની નોટ આગળ ધરી ત્યારે તરત ડ્રાઇવરે નોટ લઈ લીધી. અને પોતાના કપડા રામચંદ્રને આપી દીધા. એ કપડા લઈ સિધો રામચંદ્ર ધર્મશાળામાં આવ્યો અને પોતાના રૂમમાં આવી તેણે એ કપડાનો ઉપયોગ કર્યો એ પણ આપણે જોઇ ગયા.

ઘાટી દોડતો પોલીસ ચોકીપર ગયો. અને કહ્યું કે ! " શકદારને કબજે રાખ્યો છે ચાલો. "

ડીટેકટીવ આ વખતે ત્યાંજ બેઠો હતો. તે તરત પોલીસોને પાછળ આવવાનું કહી સાયકલ પર રવાના થયો.

ધર્મશાળામાં આવી પહોંચ્યો દ્વારમાં પ્રવેશ કરતાંજ માણસે કહ્યું: "સાહેબ! તે માણસ તેના રૂમમાં છે. ક૦ કરી લ્યો."

ડીટેકટીવે દ્વાર પાસે સાઈકલ મૂકી તે માણસ ચ ડીટેકટીવ બન્ને નવમાં નંબરની રૂમ પાસે આવ્યા. પહેલવ પઠાણ એ રૂમ પાસે આંટા મારતો હતો. રૂમ ઉઘાડી હ બન્ને જણાં અંદર ગયા. પરંતુ ત્યાં કોઈ જોવામાં આવતાં ડીટેકટીવે ટેલના પઠાણને પ્રશ્ન કર્યો;

"આ રૂમમાં કોઈ નથી?"

"એ બહાર ગયા. હમણાંજ ગયા."

પેલો માણસ ચમકયો: "અરે! હું દ્વાર પાસે બેસી રહ્યો હતો. કોઈ પણ બહાર ગયું નથી! તે માણ ધર્મશાળામાંજ છે!"

"મ્હેં તેને પાંચ સાત મિનિટ પહેલાંજ આ રૂમમાં બહાર જતા જોયો છે." તે પઠાણે કહ્યું:

ડીટેકટીવ વચ્ચમાં બોલી ઉઠયો: "એ બદમા નક્કી ન્હાસી ગયો. તમે તેને રૂમમાં જવા દીધો—એકલે રહેવા દીધો—એજ ખોટું કર્યું! જેવો તે ધર્મશાળા આવ્યો કે તરત તેને બે ચાર ઘાટીઓને સોંપી દઇને પ અમને ખબર આપવી હતી."

તે માણસ તો સજ્જડજ થઈ ગયો. ધર્મશાળા એકજ દ્વાર હતું. અને પોતે તે દ્વાર પર બરાબર રી

ડોળા ફાડીને બેઠો હતો. કોઈ પણ માણસ ગયું નહોતું, એકાદ માણસ ગયું હોય તો એમ અનુમાન કરાય કે તે વેષપલટો કરીને ન્હાસી ગયો ? પરન્તુ એક માણસ નથી જવા દીધું અને પોતે સાંભળે છે કે: "તે ગયો. હમણાંજ ગયો. પાંચ સાત મિનિટ થઈ." તે સજ્જડ થઈ જાય એમાં શું આશ્ચર્ય !

"પઠાણ !" ડીટેકટીવે કહ્યું: "તમે તેને જતો જોયો છે ?"

"હા જી."

"પણ હું બરાબર ખાત્રીથી કહું છું કે તે માણસ આ ધર્મશાળાના મકાનની બહાર નથી. કયાંય છુપાઈ ગયો હશે માટે આપણે સઘળે તપાસ કરીયે." તે માણસે એ પ્રમાણે શબ્દો ઉચ્ચાર્યા.

પછી ડીટેકટીવ અને તે માણસ બન્ને આખી ધર્મશાળાના મકાનમાં રૂમોઃ મેડા ઉપરની રૂમ્સો, નીચેની રૂમ્સો અને ચાલી વિગેરે સર્વ સ્થળે અત્યંત બારિકાઇથી તપાસ કરી. પરંતુ રામચંદ્ર ઝવેરીનો પત્તો લાગ્યો નહિ. આખરે એ તપાસને બંધ કરી બન્ને જણાં દ્વાર પાસે આવ્યા. પેલો માણસ તો વિચારમાંજ પડી ગયો હતો; "કોઈ બહાર ગયું નથી; અને તે ગયો કયાં ?"

ડીટેકટીવ દ્વાર પાસે આવતાં દીગ્મુઢ બની ગયો. તેણે મૂકેલા ઠેકાણે તેની સાયકલ ન હતી, તપાસ કરતાં માલુમ પડયું કે પઠાણ સાયકલ લઇ ગયો !

# પ્રકરણ નવમું.

## " ખૂન "

ડીટેકટીવ આંગળા કરડવા લાગ્યો. " ઓહ ! શું તે પઠાણ રામચંદ્ર ઝવેરી હતો ! શું તેની વેષ પરિવર્તન કરવાની કળા ! આબાદ મ્હારી આંખમાં ધુળ નાખીને છટકી ગયો. ચાલાક પુરો ! મારી સાયકલ પણ ઉપાડી ગયો ! સાધારણ રીતે તે હાથ આવે એમ કાંઈ લાગતું નથી. હવે શું કરવું ? " તે આ પ્રમાણે મનસાથે બોલતો મ્હોટા વિચારમાં ડૂબી ગયો. પાંચ મિનિટ સુધી વિચાર સાગરમાં ડૂબકીઓ માર્યા છતાં તેને કાંઇ પણ રસ્તો સૂજ્યો નહિ. પોલીસ ચોકીપર જઈ કલેકટરને ત્યાં બોલવીને પછી વિચાર કરવો એમ ધારી તે પોલીસ ચોકીપર આવ્યો.... આશ્ચર્ય ! ત્યાં પોતાની સાયકલ તેણે જોઈ; તે બોલ્યો; " આ સાયકલ કયાંથી આવી ? "

" એક પઠાણ જેવો દેખાતો માણસ અહિં હમણાંજ મૂકી ગયો. અને કહ્યું કે ડીટેકટીવ સાહેબે મને આ સાયકલ દેવા મોકલ્યો છે ! " એક પોલીસે કહ્યું:

" જબરો ! " ડીટેકટીવના મ્હોંમાંથી એ ઉદ્ગાર

સરી પડયો. પછી તેણે તે પોલીસને પૂછયું; "તે પઠાણ ક્યાં ગયો ?"

"આ રસ્તે ગયો" પોલીસે આંગળી વતી પઠાણ જે રસ્તે ગયો હતો તે રસ્તે બતાવ્યો. ડીટેકટીવે તે રસ્તે સાયકલ મારી મૂકી; સાયકલ પુર જોસમાં દોડી જતી હતી. ત્યાં ડીટેકટીવને એક વાતનું સ્મરણ થઇ આવ્યું. અને સાયકલ થોભાવી. નિચે ઉતરી તેણે પાછળ ટાંગેલું પાકેટ ખોલ્યું તો પોતે મૂકેલી ચિજો તેમાં ન હતીઃ ગયું ! "ડીટેકટીવે ઉદગાર કાઢયો. પોતે મૂકેલી ઉપયોગની ચિજોમાંની એક પણ ચિજ તેમાં હતી નહિ. ફકત એક ચિઠ્ઠી મળી આવી. ડીટેકટીવે તે કાઢી અને ધ્યાન પૂર્વક વાંચીઃ

ડીટેકટીવ અનંત ખુબીરાવ !

અનંત ખુબી ચલાવજો ! બની શકે તેટલી ચાલાકી બતાવજો ! કલેકટર મી. આનંદલાલનું ખુન હું કરનાર છું. એ ચોકસ વાત છે."

લિ. રામચંદ્ર ઝવેરી.

(આપને પઠાણના વેષમાં દેખાયલોઃ)

ચિઠ્ઠી વાંચીને ડીટેકટીવ વિચારમાં પડયોઃ "શું કરવું ! આ ઝવેરી પોતાનું ઝેર છોડે એમ લાગતું નથી. આટલો ચાલાક માણસ જરૂર પોતાનું કામ પાર પાડશે. કયે રસ્તે અને કેવી રીતે તેને પકડવો ?"

ડીટેકટીવ આ પ્રમાણે વિચાર નિદ્રામાં ઝુલવા લાગ્યો અને એજ વખતે ગગનાંગણે ભગવાન ભાનુદેવ ઝુલતા દેખાયા. રાત્રિના અંધકાર શમ્યા પ્રભાતના પુનિત પ્રકાશ જગતભરમાં પ્રસરી ગયા. પવન દેવે પોતાની ગતિ મંદમંદ શરૂ કરી અને તેની સાથે થોડી થોડી ઠંડી જણાવા લાગી.

ડીટેકટીવ ચિઠ્ઠીને ગજવામાં મૂકીને તરત ત્યાંથી રવાના થયો. અને કલેકટરના બંગલે આવ્યોઃ કલેકટર આ વખતે ચ્હા પીતો હતો. ડીટેકટીવને જોઇને તે બોલી ઉઠયોઃ " વેલીમી. અનંત ખુબીરાવ ! "

" ગુડ મોનીંગ " ( good morning ) કહી ડીટેકટીવે એક ખુરશીમાં આસન લીધું. કલેકટરે માણસ પાસે એક કપ મંગાવ્યો. ચ્હા આવતાં ડીટેકટીવે ચ્હા પીવા માંડી. કલેકટરે ચ્હા પીતાં પ્રશ્ન કર્યો.

" કાંઈ પત્તો ? "

ચ્હા પી લેવાદો. સઘળી બીના સવિસ્તર કહું. "

બન્ને જણાં એ ચ્હા પી લીધી. અને કલેકટરે કહ્યું: " ચાલો કંઇ જોઈએ " ડીટેકટીવે, કલેકટરથી જુદા પડયા પછી જે જે કર્યું જેજે અનુભવ્યું, તે તે સઘળું કહી સંભળાવ્યું; કલેકટરના આશ્ચર્યનો પાર રહ્યો નહિ તે બોલ્યા કે?

" બહુ ચાલાક ! પણ હવે શું રસ્તો લેવા ધારો છો ? સ્હવાર પડી ગઇ છે. હમણા રાત પણ પડી જશે ! અને હું તો—"

" અરે ! ન ગભરાઓ સાહેબ ! " ડીટેક્ટીવે ઉત્સાહ પ્રેરક શબ્દો ઉચ્ચાર્યા:

" રાત્રિનો સમય હોવાથી તેમને ઠગી ગયો છે ! પણ હવે તેને હું જરૂર પકડી શકવાનો. આ બધી ચિઠ્ઠીઓ પરથી જણાય છે કે તે સારંગપુર છોડીને તો કયાંય જવાનો નથી. અને તે સારંગપુરમાંજ રહેશે, તો સાંજ થતાં સુધીમાં તો હું તેને પાતાળમાં સંતાયો હશે તો પણ શોધી શકીશ. માટે ગભરાઓ નહિ. "

" સાહેબ ! ખૂન ! ખૂન " એક પોલીસે ઉતાવળે આવીને એ પ્રમાણે કહ્યું.

બન્ને ચમકી ગયા: ડીટેકટીવે કહ્યું: " કોનું ખૂન ! "

" કેશવલાલ માણેકલાલ ઝવેરીનું ! "

" ક્યારે થયું ? "

" અર્ધો કલાક થયો. "

" લાસ ક્યાં છે ? "

" તેના મકાનમાં. "

મ્હોટા આશ્ચર્યના ચમત્કારને અનુભવતાં ડીટેકટીવ અને કલેકટર બન્ને જણાં કેશવલાલના મકાન તરફ જવા ઉપડયા માર્ગમાં કલેકટરે આ પ્રમાણે કહ્યું " મી. અનંત ખૂબીરાવ ! જો કેશવલાલનું ખૂનજ થયું હોય તો જરૂર રામચંદ્ર ઝવેરીએજ ખુન કર્યું હોવું જોઇએ. કારણકે તેની પાસે લેણા રૂપિઆ વસુલ કરવા માટે કેશવલાલે તેને ઘણોજ

કંટાળો આપવા જેવું કર્યું હતું; અને આથી તેણે ઉશ્કેરાઈને જરૂર તેનું ખૂન કર્યું હશે !

"એમ કાંઇ અનુમાન બંધાય નહિ. આપણે ત્યાં જઈએ અને જોઇએ કે વસ્તુ સ્થીતિ શું છે ! માણસે અનુમાન બાંધતા પહેલાં હરેક બાબતનો સઘળો વિચાર અને બારીક તપાસ કરવી જોઇએ. એવા ઉતાવળા અનુમાન—"

કલેકટર વચ્ચેજ બોલ્યો: "હું મારા અનુમાનમાં સાચો છું કે કેમ તે કેશવલાલને મકાને જતાંજ આપો આપ જણાઈ આવશે. જરૂર તેનું ખૂન રામચંદ્રેજ કર્યું હોવું જોઇએ. મારૂં એ અનુમાન હુંતો માનું છું કે સજ્જડ છે."

આ પ્રમાણે બન્ને જણાં વાતચીત કરતાં કરતાં કેશવલાલના બંગલા પાસે આવી પહોંચ્યા. બંગલા આગળ માણસોની ઠઠ જામી ગઈ હતી: ખૂનની વાત સાંભળી ન્હાના મ્હોટા સર્વે ત્યાં એકઠા થઇ ગયા હતા. કલેકટરને જોઈને બધાએ માર્ગ આપ્યો. અને કલેકટર ડીટેકટીવની સાથે બંગલાની અંદર ગયો.

એક પોલીસ તેમની સાથે ગયો. કેશવલાલનું શબ જે રૂમમાં હતું. તે રૂમમાં બધા આવ્યા લાસ પાસે કેશવલાલની સ્ત્રી રડતી બેઠી હતી. અમલદારોને જોઈ તે ઉભી થઇ ગઈ. કલેકટરે પોલીસને બહાર જવા કહ્યું અને પોલીસ ચાલ્યો ગયો.

ડીટેકટીવે અને કલેકટરે લાસની બારીક રીતે તપાસ કરી. લાસની કમ્મર ઉંચકતાં નીચેથી એક ચપ્પુ મળી આવ્યો. બીજું કાંઈપણ મળી આવ્યું નહિ. પછી ડીટેકટીવે કેશવલાલની સ્ત્રીને પૂછવા માંડયું:

" તમારા ધણીનું ખૂન કયારે થયું ? "

" અર્ધો પોણો કલાક થયો ! "

" તે વખતે તમે આ રૂમમાં ન હતા ? "

" હું બાજુમાં નળ ઉપર પાણી ભરવા ગઈ હતી. "

" ઘરમાં બીજું કોઇ ન હતું ? "

" ના. એક નોકર હતો તેને બે દિવસ પહેલાંજ રજા આપી દીધી છે; "

" તમે પાણી ભરીને આવ્યા અને તમને કેમ ખબર પડી કે તમારા ધણીનું ખૂન થયું છે ? "

" હું પથારી સાફ કરવા માટે આ રૂમમાં આવી. અને આ લોહીલોહાણ જોઈ મ્હેં ખૂન ખૂનની બૂમ મારી અને માણસો એકઠા થયા. "

" પથારી સાફ કરવાનો દરરોજનો નિયમ છે ? "

" હા. દરરોજ સ્હવારે પથારી સાફ કરૂં છું ! "

" તમને કોઈના ઉપર શક જાય છે ? "

" કંઇ કહેવાય નહિ. " .

" તમારા ધણીના કોઇ દુશ્મન છે ? "

"હા. એ ત્રણ જણાં છે. અને તે ભયંકર દુશ્મન છે."

"તેમના નામ કહી શકશો ?"

"એક તો મણિલાલ રૂગનાથ."

ડીટેકટીવે ગજવામાંથી ડાયરી કાઢી અને લખવા માંડયું: "પછી બીજું ?"

"મોતીલાલ હીરાલાલ"

"અને પછી ?"

"ત્રીજાનું નામ ગોપાળરાય તેના બાપનું નામ નથી આવડતું."

ડીટેકટીવે આ બધા નામો લખી લીધા અને પછી પુછયું: "મણિલાલ રૂગનાથની દુશ્મનતાનું કારણ ?"

"તેનું કારણ એકે મ્હારા પિતાએ મારૂં વેવીશાળ ન્હાનપણમાં એની સાથે કરેલું: પરંતુ જ્યારે લગ્નને યોગ્ય મારી ઉમર થઈ ત્યારે તેની વર્તણુંક અત્યંત નિંદાત્મક હોઇ મ્હારા પિતાએ મારાં લગ્ન અહિં કર્યાં. એમની સાથે તે દિવસથી તેની દુશ્મનાવટ શરૂ થઇ છે. કેટલીએ વખતે તેણે કાગળો લખેલાં કે "હું તારૂં કોઇ દિવસ ખૂન કરીશ"

"એ કાગળો તમારી પાસે છે ?" ડીટેકટીવે સવાલ કર્યો.

"તેની મ્હને ખબર નથી."

"વારૂ આ મોતીલાલની દુશ્મનાવટનું કારણ ?"

કિંત

" મોતીલાલ અને અમારી ભાગમાં ઝવેરાતની હતી. અમૂક સમય પહેલાં દુકાનમાં મ્હોટી ખોટ એટલે તેણે નુકસાની ન આપતાં ભાગીદારી છોડી તેની પાસેથી જબર જસ્તીથી નુકસાનીની રકમ લેવા પતિએ પગલું લીધું હતું; અને તેને સફળતા મળી તે દિવસથી તે મારા પતિ ઉપર ખાર રાખતો ફરતો

" પહેલાના જેવા તેના ધમકીના કાગળો : કે ? "

" ના. તેના તરફથી એવા કાગળ આવેલા નથી

" ઠી....ક. આ ત્રીજા ગોપાળરાયની દુશ્મન કારણ ? "

" ગોપાળરાય એ મારા પતિના એક વખતના મિત્રતાના અંગે ગોપાળરાય વખતો વખત મારા પાસેથી રકમ લઈ જતા. એ પ્રમાણે જ્યારે તેની લેણી રકમની સંખ્યા મ્હોટી થઈ એટલે મારા ઉઘરાણી કરી. એટલે તેણે રકમ નહિ આપવા કહ્યું: પતિએ તેને પણ ઉપલા મોતીલાલની માફક કોર્ટ હેરાન કર્યો. અને લેણી રકમ પેટે તેનું ઘર તેનો સ વિગેરે લીલામ કરાવ્યું, આથી તેણે દુશ્મનાવટ શરૂ અને મ્હારા પતિને જ્યારે રૂબરૂમાં મળતો ત્યારે કહે વેરની વસુલાત હું જ્યારે ત્યારે જરૂર કરીશ. "

" એ ત્રણમાં તમને કોના ઉપર વધુ શક જાય

"એ કહી શકાય નહિ."

"રાત્રે પથારી તમે કરી હતી કે ?"

"હા."

"પથારી બરાબર સાફ કરી હતી ?"

"હા."

"આ ચપ્પુ તમારો છે ?" ડીટેકટીવે મળી આવેલો લોહી ભીનો ચપ્પુ બતાવ્યો. ચપ્પુને જોઇને તેણી બોલી: હા. આ ચપ્પુ અમારો છે."

"પથારીમાં કયાંથી ?"

"ભગવાન જાણે."

ડીટેકટીવે ઉભા થઇને લાસની સંપૂર્ણ તપાસ કરી. કમ્મરમાં ચપ્પુ પેસી ગયલો હતો. અને ત્યાંથી લોહી નિકળીને પથારી પર પડયું હતું. આખું શરીર તપાસતાં બીજે કયાંય પણ ઘાના ચિન્હો જણાયા નહિ, આજુ બાજુ સઘળે તપાસ કરી પણ કાંઈ મળી આવ્યું નહિ.

"તમે પાણી ભરવા ગયા ત્યારે બંગલાનું દ્વાર ખુલ્લું મુકી ગયા હતા ?"

"ના. બ્હાર સાંકળ મારી હતી. અને પાણી ભરીને વળી ત્યારે પણ સાંકળ મારેલીજ હતી."

"તમારા પતિ અત્યાર સુધી કેમ સૂતા રહ્યા હતા?"

"તેનો નિયમ દરરોજ સાત વાગ્યા પછીજ ઉઠવાનો હતો. દરરોજ સાત પછીજ ઉઠતા."

"ત્યારે તમે કહો છો કે હું પથારી સાફ કરવા રૂમમાં ગઈ હતી; તો તમારા પતિ મોડા ઉઠવાના છે એવો તમને ખ્યાલ નહોતો ? હતો તો શા માટે પથારી સાફ કરવા ગયા ?"

ડીટેકટીવના આ પ્રશ્નનો ઉત્તર તેણીએ આપ્યો નહિ. તે ગભરાયલા જેવી દેખાવા લાગી. ડીટેકટીવે તેણીની મુખમુદ્રા બરાબર એકી નજરે જોઇ. તેણીની મુખમુદ્રા ઉપર તરવરતા ફેરફારો તેણે જોયા. એકા એક તેની દૃષ્ટિ તેણી છાતી ઉપરના આળુ નીચેના પોલકા પર ગઇ. પોલકામાં લોહીના ડાઘ હતા. ડીટેકટીવે તે જોઇને પ્રશ્ન કર્યો;

"તમારા કપડા લોહીથી કેવી રીતે ખરડાયા ?"

"મારા પતિને જ્યારે મેં મરેલા જોયા ત્યારે મેં તરત આ વેશમાં તેમને ચુંબન કરેલું અને તેથી તે વખતે તેના શરીર પર પડેલી મારી છાતીમાં લોહીના ડાઘ પડી ગયા હશે."

"તમારૂં નામ ?"

"રંભા."

ડીટેકટીવે તેણીનું નામ ડાયરીમાં નોંધ્યું. જે વખતે તે ડાયરીમાં નામ લખવામાં રોકાયો હતો તે વખતે રંભાની દૃષ્ટિ ગુપ્ત રીતે લાસની સાથે પડેલી ન્હાની બેગ ઉપર ગઇ. ડીટેકટીવે તે જોઈ લીધું, નામ લખ્યા પછી તે ઉઠયો. અને

આખા રૂમમાં ચારે તરફ તપાસ કરી. પછી તે બેગ હાથમાં લીધી અને તે ખોલવા જતો હતો ત્યાં રંભા બોલી !

"એ બેગ મારી ખાનગી ઘરાણાની છે. લાવો."

ડીટેકટીવને તેમાં વ્હેમ જેવું જણાયાથી બેગ ખોલી. તો તેમાં ઘરાણા હતા નહિ. કાગળીયા જોઇને ડીટેકટીવ બોલ્યો.

"તમે કહેતા હતાને ઘરાણા છે? આમાં તો કાગળીયાજ ફક્ત છે!"

"હું ભુલી ગઈ. એના જેવીજ બીજી બેગ છે. તેમાં ઘરાણા છે. બન્ને બેગો એકજ સરખી હોવાથી હું ભુલી."

રામચંદ્ર ઝવેરીની તપાસ માટેનો ટાઇમ કપાતો જતો હોવાથી વધુ પૂછપરછ અને તપાસ અટકાવીને તેઓ એ બેગ અને કાગળીયા સાથે કેશવલાલની લાસને દહન ક્રિયા કરવાનો હુકમ આપીને ઊભય ચાલ્યા ગયા.

ડીટેકટીવે જ્યારે બેગ અને કાગળીયા લઈ ચાલવા માંડ્યું ત્યારે રંભાએ કહ્યું હતું: "એ બેગ લાવો એ મારા પતિના ખાનગી કાગળીયાજ ફક્ત છે જે જરૂરના છે"

ડીટેકટીવને એ કાગળીયાં પર ખાસ શક આવ્યો, "પહેલાં કહ્યું કે "બેગમાં ઘરાણા છે," બેગને ખોલતો અટકાવવા માટે તેણે તેમ કહ્યું હોય હવે કાગળીયા લઇ જવાની વળી ના પાડે છે. જરૂર આમાં કાંઇ ભેદ હશે!" એમ કહી રંભાની ના છતાં બેગ અને કાગળીયા લઈ

બન્ને ચાલ્યા ગયા. કેશવલાલના મકાનમાં કાગળીયા તપાસવા જેટલો ટાઈમ હતો નહિ, થોડીવારે બન્ને કલેકટરના બંગલે આવી પહોંચ્યા.

## પ્રકરણ દશમું.

### —તપાસ—

દિવસ ચઢતો જતો હતો. કલેકટર અને ડીટેકટીવ દિવાનખાનામાં બેઠા હતા, આખીરાત્રિના ઉજાગરાથી ડીટેકટીવની આંખો ઝીણી પડી ગઇ હતી; પરંતુ એક વાતની તપાસ થયા પહેલા વળી બજી વાતની તપાસ કરવાનું શિરપર આવતાં એ ઝીણાશ મટી ગઇ. કલેકટરની ફાટેલી આંખો વચ્ચે ડીટેકટીવે બેગની અંદરના કાગળીયામાં તપાસવા માંડયા બે ચાર પાંચ કાગળીયા જોઇ નાખ્યા જે નિર્માલ્ય જણાતાં ફાડી નાખી તપાસ આગળ ચલાવી. બેગના દરેક કાગળીયા અત્યંત શુક્ષ્માવલોકન પુર્વક તપાસ્યા તેમાંથી બે કાગળ ખુનની તપાસમાં કામ આવે એવા મળી આવ્યા એ બે કાગળીયાનો ભાવાર્થ નીચ પ્રમાણે નો હતો.

(૧) કાગળઃ

" રંભા !

" તારા પતિના અસ્તિત્વમાં તું મારી સાથે પ્યારમાં

નહિ પડે એમ ધારી હું આજ રાત્રે તારા પતિનું ખૂન કરવા ધારૂં છું ! તારા પતિનું ખૂન કર્યા પછી હું તારી પાસે પ્રીય યાચના કરીશ, મને ખાત્રી છે કે તું મને અવશ્ય સંતોષ આપીશ.

[ લી૦ ત્હારૂં રટન કરતો
કૃષ્ણલાલ.

[૨] કાગળઃ

" વાહી રંભા !

" ઘણો વખત થયા તારા પતિનું ખૂન કરવાનું મને કહેતી હતી; આજે તારા કથનને માન આપી હું તારા પતિનું ખૂન કરી જાઉં છું. તારી ગેર હાજરી હોવાથી આ ચિન્હ મૂકતો જાઉં છું. રાત્રે મળીશ. લિ. તારા સ્નેહ સાગરમાં છેક તળીયે ડૂબી ગયેલો જીવનલાલ.

બન્ને કાગળ વાંચીને પછી ડીટેકટીવે કલેકટરને પ્રશ્ન કર્યો:

" મી. આનંદલાલ ! આ ખૂન વિષે તમે કાંઇ અનુમાન કરી શકો છો ? "

" જીવનલાલ કે જેની ચિઠ્ઠી તમે વાંચી તેણે ખૂન કર્યું હોય એમ મારૂં અનુમાન થાય છે ! "

" કેવી રીતે ? "

" ચિઠ્ઠીમાં લખ્યું છે કે " હું ખૂન કરીને જાઉં છું. તું હાજર નહિ હોવાથી ચિઠ્ઠી મૂકતો જાઉં છું " આ શબ્દો

ઉપરથી હું કલ્પી શકું છું કે: જીવનલાલે ખૂન કર્યું. હશે. રંભા એ વખતે ગેરહાજર હોવાથી તેને ચિઠ્ઠી લખવી પડી હશે....”

“ જો એમ હોય એટલે કે જીવનલાલેજ ખૂન કર્યું હોય તો કૃષ્ણલાલની ચિઠ્ઠીનો શું અર્થ કરવો ? ”

“ કૃષ્ણલાલે તેમાં ચેતવણી આપી છે. જ્યારે જીવનલાલની ચિઠ્ઠીમાં છે કે: “ હું ખૂન કરીને જાઉં છું !”

“ વારૂ....ચેતવણી એવી રીતની છે કે તારા પતિનું રાત્રે ખૂન કરીશ; તો પછી મરનારનું ખુન તેણે રાત્રે આવીને કે પછી પરોઢીયે. આવીને કેમ ન કર્યું હોય ? ”

“ એ શંકા પાયાદાર છે. પરંતૂ “ હું ખૂન કરીને જાઉં છું ! ” એ શબ્દો ચોકખું જાહેર કરે છે કે રંભા નળ ઉપર પાણી ભરવા ગયેલી એ અરસામાં જીવનલાલે આવીને આ ખૂન કર્યું છે ! ”

“ ઘરમાં કોઇ હતું નહિ તો પછી ખુનીને ન્હાસી જવાનું કારણ ? ચિઠ્ઠી લખવાનું પ્રયોજન રંભાને રૂબરૂ મળીને કેમ ન કહી જાય ? ”

“ કદાચ તેમ કરવા જાય તો પોતે ફસાઈ જાય એવા ડરથી તે ચિઠ્ઠી લખીને ચાલ્યો ગયો હોય ! ”

“ લાસ તપાસતાં ક્યાંય પણ ઘા થયેલો જણાયો નથી. ફક્ત કમરમાં ચપ્પુનો ઘા જોયો. અને ચપ્પુના ઘાથી માણસ મરી જાય એ કાંઈ સંભવિત નથી. ચપ્પુનો ઘા

માર્મિક અંગ ઉપર પડે તો કદાચ મૃત્યુ નિપજે; પરંતુ આતો કમ્મરમાં છે; અને વળી ચપ્પુ પણ એકદમ ન્હાનું છે; પછી એવા એક ઘાથી માણસનું મૃત્યુ નીપજે એ માનવા જેવું નથી. એટલે તમારા કહેવા પ્રમાણે માનીયે કે જીવનલાલે ખૂન કર્યું હોય પણ તેણે કયા શસ્ત્ર વડે ખૂન કર્યું. એની કંઈ ખાત્રી ? ”

“ તિવ્ર વિષનો ઉપયોગ થયો હોય. વિષ ઘણી જાતના છે. તેમાં એક વિષ એવા પ્રકારનું અત્યંત તીવ્ર અને તાતકાળિક જીવ લેણ છે કે જેનો એક બીજાને મારવામાં બહુજ ઉપયોગ થતો જોવાય છે. બુટમાં એવા વિષનું એક ટીપું નાખતાં જ્યારે માણસનો પગ એ બુટ પહેરે ત્યારે તરતજ તે માણસ ચકકર ખાઇને પૃથ્વી ઉપર પડે છે ! અને તાતકાળિક પ્રાણનો ત્યાગ કરી જાય છે ! ખુની એ કદાચ એવા વિષનો ઉપયોગ કર્યો હોય એમ મારૂં માનવું છે.”

“ ચપ્પુના ઘાનું પ્રયોજન ?”

‘ વિષનો ઉપયોગ કર્યા પછી ખુનીની દૃષ્ટિએ એ ચપ્પુ આવ્યું હોય અને મરનાર ઉપરના ઝેરને લઈને કદાચ કમ્મરમાં એકાદ ઘા કર્યો પણ હોય !”

“ સાહેબ ! લાસની પથારી નિચેથી આ કાગળ મળ આવ્યો છે.” એક પોલીસે આવીને આ પ્રમાણે કહ્યું. અને મળી આવેલો કાગળ આગળ ધર્યો.

ડીટેકટીવે તે કાગળ લીધો અને પોલીસ નમીને ચાલ્યો ગયો. ડીટેકટીવે તે વાંચ્યોઃ

"કેટલા એક અનિવાર્ય સંયોગોની ઉપસ્થિતિને લઇને હું રાજી ખુશીથી આત્મ હત્યા કરૂં છું....માટે મ્હારી પાછળ કોઇને હેરાન કરવા નહિ."

કેશવલાલ.

ચિઠ્ઠી વાંચીને બન્ને ચમકયાઃ "આ શું ?"

ડીટેકટીવે કલેકટરને પ્રશ્ન પૂછયોઃ "હવે શું અનુમાન ? જરૂર આ ભેદનું કોકડું અત્યંત ગુંચવાયલું છે. તેનો ઉકેલતાં આપણને અત્યંત પરિશ્રમ વેઠવો પડશે."

"ખરૂં." કલેકટરે કહ્યું: "મરનારે હાથેથી આત્મ ઘાત કર્યો હોય એમ કલ્પી શકાય કે નહિ ?"

ડીટેકટીવે બેગમાંથી મળી આવેલા બન્ને કાગળ અને આ કાગળ એમ ત્રણે કાગળો ના અક્ષર અત્યંત બારિકાઈ પૂર્વક તપાસ્યા દરેક કાગળના અક્ષર ભિન્ન હતા. અક્ષર મળતા નહિ આવવાથી તેના હૃદયમાં ઉપસ્થિત થયલો વ્હેમ ચાલ્યો ગયો.

ડીટેકટીવે થોડીવાર વિચાર કરી લીધા પછી કહ્યું. "ખુની ગમે તે હોય જીવનલાલ હોય કે કૃષ્ણલાલ હોય કે પછી મરનારે પોતેજ આત્મ હત્યા કરી હોય પરંતુ મરનારની સ્ત્રીનો હાથ કંઇક હોય એમ મને લાગે છે, આ આત્મઘાતવાળી ચિઠ્ઠી સંભવ છે કે ખુની પોતેજ લખીને

પથારી નીચે પોતાનો આરોપ છુપાવવા મૂકી ગયો હોય. એટલે કે મરનારે આત્મ હત્યા કરી હોય એમ હું લેશપણ માની શકતો નથી. એટલે કે મરનારનું જરૂર ખુન થયેલું છે. હવે ખૂન કોણે કર્યું ? એ વાત અત્યંત વિચારવા જેવી છે. પરંતુ તાત્કાળિક માની લઇએ કે જીવનલાલે ખૂન કર્યું હોય કારણ કે તેની ચિઠ્ઠીમાં સ્પષ્ટ શબ્દો છે કે " હું ખૂન કરીને જાઉં છું.!" તેમજ ચિઠ્ઠીમાં લખ્યું છે કેઃ " ઘણો વખત થયા તારા પતિનું ખુન કરવાનું મને કહેતી હતી. " એ ઉપરથી મારી માન્યતા એવી થાય છે કેઃ રંભા–મરનારની સ્રી–કદાચ વ્યભિચારિણી હોય. અને જીવનલાલ સાથે તેનો ગુપ્ત સંબંધ હોય. માટે તે રંભાને અહિં બોલાવવાની વ્યવસ્થા કરો; આપણે તેને દાબ આપીને એ વિષેની માહિતી મેળવી શકીશું. રંભા પાસેથી કંઈક હકીકત જરૂર મળશે. અને પછી ખુનીને શોધી કાઢતા આપણને પરિશ્રમ વેઠવો પડશે નહિ. એટલે કે ઘણીજ સ્હેલાઇ પૂર્વક ખુની મળી આવશે. "

ડીટેકટીવની સૂચનાને લક્ષમાં લઈ કલેકટરે એજ પોલીસને કેશવલાલના મકાને મોકલ્યો. થોડીવારમાં પોલીસ, રંભાની સાથે હાજર થયો. રંભાનું વદન ઉદાસીન હતું. તેની આંખો રોઇ રોઈને સુજી ગઈ હોય એમ ઉપસેલી દેખાતી હતી. તે સુંદર હતી; તથાપિ તેની સુંદરતા આ સમયે લેશપણ ચમકતી ન હતી. પતિના થયેલા ખૂનના

આ ઘાતથી—સૌભાગ્યના છેદનથી કેમ જાણે તેનું અંતર ચિરાઇ ગયું હોય તેમ તેની મુખાકૃતિ ઉપરથી સ્પષ્ટ પ્રતિત થઈ શકતું હતું. રંભા ધીમે પગલે આવી અને સલામ ભરીને એક બાજુએ જમીન તરફ દષ્ટી રાખી ઉભી રહી.

ડીટેકટીવે કહેવા માંડયું: " જુઓ ! તમે ગભરાશો નહિ. હું જે પૂછું તેનો શાંતરીતે અને સત્ય જવાબ આપજો. "

રંભાએ ડોકું હલાવ્યું. પછી ડીટેકટીવે પ્રશ્ન પરંપરા ચલાવવા માંડી.

" જીવનલાલ નામના કોઈ સખ્સને ત્હમે ઓળખો છો ? "

" નાજી. "

" ક્રશણલાલ નામના કોઈને "

" નાજી

" જુઓ સાચું કહે જો જરાપણ ખોટું બોલ્યા તો "

" સાહેબ ! હું સાચુંજ કહું છું. એ બેમાંથી હું કોઇને જરાપણ ઓળખતી નથી. "

" આ બન્ને ચિઠીઓ વાંચો. " એમ કહી ડીટેકટીવે બેગમાંથી મળી આવેલી બન્ને ચિઠીઓ રંભાને આપી રંભાએ વાંચીને પછી કહ્યું;

" આ બન્ને ચિઠીઓ બનાવટી છે ! ખુનીનું આ વિચિત્ર કારસ્થાન છે ! કારણકે હું મ્હારા ઇષ્ટ દેવના

સોગન પૂર્વક કહું છું કેઃ હું પતિવ્રતા છું. પતિનેજ મારું સર્વસ્વ માનનારી પવિત્રા ચરિત્ર છું કોઈની સાથે પ્યારમાં, તો શું પણ કોઈની સાથે છુટથી બોલવાના વ્યવહારમાં પણ પડી નથી. હું અદ્યાપિ પર્યંત શુદ્ધ છું. મને એવી કુટિલ માનીને આપ પ્રશ્નો પૂછતા હોતો તમારો એ શ્રમ દુર કરી નાખજો. જે માણુસે—અરે! માણુસ નહિ પણ જે ઘાતકી પિશાચે—મારા પતિનું ખૂન કર્યું છે તે માણુસેજ આ બન્ને ચિઠ્ઠીઓ લખી ને આ બેગમાં મૂકી દીધી હશે. તે એમ ધારીને કે હું દુષ્ટ ચરિત્રા સિદ્ધ થાઉં અને તેની સાથે આ બે કૃષ્ણુલાલ કે જીવનલાલમાંથી કોઇ ખુની તરીકે પકડાય અને પોતે ખુનના ભયંકર આરોપમાંથી બચી જાય જોકે આ બન્ને ચિઠ્ઠીના હસ્તાક્ષરો ભિન્ન જણાયે છે; પરંતુ તે પણ ખુનીની ચાલાકીજ સમજજો બન્ને ચિઠ્ઠીઓ ખુનીએજ લખી છે! અને તે જુદા જુદા મરોડથી લખી હોવાથી જુદા અક્ષરથી લખાયલી જણાય છે. પરંતુ સત્યમાન જો કે વાસ્તવિક રીતે આ બન્ને ચિઠ્ઠી ઓ એકજ માણુસના હાથથી લખાયલી છે. અને તે માણુસ અન્ય કોઇ નહિ પણ મારા પતિનો ખુની જે."

"ત્યારે હવે આ ચિઠ્ઠી જુઓ" રંભાનું ઉપરોક્ત કથન ધ્યાન પૂર્વક સાંભળ્યા પછી મરનારની પથારી નીચેથી મળેલી ચિઠ્ઠી ડીટેકટીવે રંભાને આપી. તે પણ રંભાએ ધ્યાન પૂર્વક વાંચી! અને પછી કહ્યું:—

"આ ચિઠી પણ ખુનીએજ લખેલી છે. કારણકે મ્હારા પતિના આ હસ્તાક્ષર નથી. મારા પતિના હસ્તાક્ષરને હું બરાબર ઓળખું છું. વળી મારા પતિને આત્મઘાત કરવાનું કંઇ પણ કારણ હતું જ નહિ."

ડીટેકટીવે કહ્યું:" તમને હવે રજા છે. લાસની દહનક્રિયા હજી થઈ નહિ હોય ?"

"થશે ?...." એક ઉષ્ણા નિઃશ્વાસની સાથે રંભા ત્યાંથી બહાર પડી. અને પોતાના મકાનપર આવી. પતિની લાસ આ વખતે નનામીમાં બંધાતી હતી. રંભા આવીને લાસ પાસે માથું પછાડીને ખૂબ રડી. તેના સ્નેહી જનોએ તેને તેવી ઉન્માદવશતામાંથી છોડાવી અને લાસ સ્મશાન ભૂમિમાં લઇ જવામાં આવી. ચિતા ખડકાઈ. અને અગ્નિ મુકાઇ. જોતજોતામાં અગ્નિ દેવે ભયંકર સ્વરૂપ ધારણ કર્યું. અને થોડીજ વારમાં કેશવલાલના મૃત દેહની ખાખ કરી નાખી. ખુની ગમે તે હોય પરંતુ કેશવલાલતો અકાળે દુનિયાનો ત્યાગ કરી ગયો..... રંભાનું સૌભાગ્ય હણાઈ ગયું !

ડીટેકટીવે કલેકટરને કહ્યું:" હવે આપણે આ ખુનની વધુ તપાસ ગુપ્ત રીતે ચલાવવાની છે. અને ખુનીને પકડી પાડવાનો છે. રંભા જે શબ્દો કહી ગઈ તે સાચા છે કે કેમ ? એ વિષે મને શંકા છે. જો તે સુધ્ધ હોય એટલે કે આ બેગમાંથી મળી આવેલી બન્ને ચિઠ્ઠીઓ ખુનીની લખેલી હોય તો પછી બેગ લેતી વખતે રંભા શા માટે ના પાડતી

હતી ? માટે મારી ચોકસ ખાત્રી છે કે રંભાનું કથન અક્ષરસઃ અસત્યજ છે. એટલેકે કૃષ્ણલાલ અને જીવનલાલ બન્નેની આ જુદી જુદી ચિઠ્ઠીઓ તેણે જોયેલી હોવી જોઈએ અને તોજ તે આપણને બેગ લઈ જતાં વચ્ચે પડે. જો તે આ ચિઠ્ઠીઓ સંબંધી અજ્ઞાન હોય તો બેગ ન લઈ જવા દેવાનું રંભાને શા માટે કહેવું પડે ? શા માટે એ વિષે બેગ પાછી લેવા આગ્રહ કરવો પડે ? તમેજ કહો કલેકટર સાહેબ ?"

"એ પણ વિચારણીય મુદ્દો છે." કલેકટરે એ શબ્દો ઉચ્ચાર્યા:

## પ્રકરણ અગિયારમું.

### "કલેકટરનું ખૂન."

"રંભા !"

"વ્હાલા !"

"ઠીક થયું ને ? આપણને નડતું કંટક દુર થયું !"

"ત્હમે બહુ હિંમત કરી ! હા ! પણ પોલીસ આ ખૂનની તપાસ સખ્ત ચલાવે છે. તમે સંભાળજો."

"વ્હાલી ! એ ખાતે જરાપણ ચિંતા નથી. પોલીસ અમે તેટલી તપાસ ચલાવે પણ હું પકડાવાનો નથી."

"કેમ ?"

"મરનારની પથારી નીચે મ્હેં જે ચિઠ્ઠી મૂકી હતી તે ચિઠ્ઠી પોલીસને હાથ ગઈ છે. તે ચિઠ્ઠી વાંચીને પોલીસ એમજ માની લેશે કે મરનારે આત્મ હત્યાજ કરી છે! અર્થાત મરનારનું ખૂન થયું નથી.... પછી તપાસ માંડી વાળશે! અને વળી તારી બેગમાં પણ બે ચિઠ્ઠીઓ મ્હેં લખીને મૂકી દીધી છે, એ ચિઠ્ઠીઓ પણ પોલીસ પાસે ગયાનું મ્હેં સાંભળ્યું છે. એટલે મારા વિષે પોલીસને કશો પણ શક આવવાનો નથી."

"પોલીસે મને થોડુંક પુછયું છે."

"હેં!"

"હા."

"શું પુછયું છે? મને કહી દે."

"એજ કે તમારી લખેલી ત્રણે ચિઠ્ઠીઓ વિષે."

"પણ શું!"

"તમે એક ચિઠ્ઠી કૃષ્ણલાલના નામથી લખી છે, બીજી જીવણલાલના નામથી લખી છે. તે બન્ને ચિઠ્ઠીઓમાં મને ખરાબ ચારિત્રની જણાવેલી હોવાથી પોલીસને શક ગયો હશે કે ખૂનમાં મારો પણ હાથ હશે. અને તેથી મને પુછી જોયું પરંતુ મ્હેં તો મ્હોટી પતિવ્રતા હોવાનો ડોળ બતાવી દીધો છે! એટલે કે સાધ્વી સતિ"

માશુકની બુદ્ધિ ચાતુર્યતામાં મુગ્ધ થયેલો આશક શું'અન કરવાની પ્રેરણાને દાબી શકયો નહિ

* * * *

રાત્રિ પડી....સુધાકર આકાશ તળમાં આવી ગયાને લગભગ એકાદ કલાક જેટલો સમય થયો હતો. કલેક્ટર પોતાના દિવાન ખાનામાં ડીટેકટીવ **અનંત** ખુબીરાવની સાથે ગભરાયલા ચ્હેરે બેઠો હતો. બન્ને જણાં એક બીજાની મ્હોં સામું જોઇ રહ્યા હતા. કલેક્ટરનું મ્હોં લેવાઇ ગયું હતું. ભયની રેખાઓ સ્પષ્ટ તરવરતી હતી. આખરે કલેક્ટરે દિવાન ખાનામાં પથરાયલી શાંતિનો ભંગ કરવા મૌન છોડયું; "મી. અનંત ખુબીરાવ! અત્યાર સુધીમાં તમે રામચંદ્ર ઝવેરીનો પતો મેળવી શકયા નહીં, તેમજ કેશવલાલના ખુન સબંધી કંઈ વધુ પ્રકાશ પડે તેવી માહિતી પણ સંપાદન કરી શકયા નહિ. મામલો એવી રીતે વધુને વધુ ગુચવાતો જાય છે....પણ હવે આજની રાત્રિ મ્હારા માટે ભયંકર છે તેનું કેમ? જુઓ આઠ વાગી ગયા છે. રામચંદ્ર, અગાઉથી ખબર આપ્યા પ્રમાણે જરૂર ખુન કરશે; માટે તપાસ કરવાનો વિચાર હમણાં છોડી દઇ મારા રક્ષણ માટે તૈયારી કરો...."

"પાંચ સો પોલીસો બંગલાના દરવાજા પાસે આવી ઉભા છે, સાહેબ!" એક પોલીસે આવીને એ પ્રમાણે ખબર આપ્યા. આ ખબર સાંભળી ડીટેકટીવ બોલ્યોઃ "કલેકટર સાહેબ! એ પોલીસોને બંગલાની ફરતા યથા

સ્થિત હું ગોઠવી આવું છું. અને પછી ભરેલી પિસ્તોલ સાથ હું તમારૂં રક્ષણ કરવા તમારી પાસેજ જાગતો આખી રાત્રિ વિતાવીશ તમે ગભરાઓ નહિ. જો રામચંદ્ર ખુન કરવા આવશે તો આપણે તરત તેને પકડી પાડી શું !" એમ કહી ડીટેકટીવ બંગલાના મુખ્ય દ્વાર પાસે આવી પહોંચ્યો, અને આવી પહોંચેલાં પાંચસો પોલીસોને બંગલાની ફરતા રીતસર ગોઠવવાના કામમાં રોકાયો.

* * * *

"કેમ મી. અનંત ખુબીરાવ! પોલીસો ગોઠવી આવ્યા ?" કલેકટર પોતાના દિવાન ખાનામાં ડીટેકટીવને પ્રવેશ કરતો જોતાંજ બોલી ઉઠયા.

"હા એવી સરસ રીતે ગોઠવી દીધા છે કે રામચંદ્ર ગમે તેવો ચાલાક હોય તો પણ તેની યુક્તિ ચાલી શકશે નહિ....હવે તમે નિર્ભય છો !"

ડીટેકટીવના આ શબ્દો સાંભળી કલેકટર પલંગપર આડો પડયો, પરંતુ નિદ્રા આવે એમ હતું નહિ. રામચંદ્ર ઝવેરીની ભીષણ મૂર્તિ તેની ચક્ષુ સમીપ તરવરી રહી હતી. ડીટેકટીવ રીવૉલ્વર સાથે પલંગ પાસે પડેલી આરામ ચેહ પર બેઠો હતો. કલેકટર ઉંઘ ન આવવાથી પથારીમાં તરફડતો હતો. થોડી વારે ડીટેકટીવ ઉઠયો અને દિવાન ખાનાનું દ્વાર અંદરથી બંધ કીધું: દ્વારના ધસારાથી કલેકટર પલંગમાં બેઠો થઇ ગયો. ડીટેકટીવે શાંન્તવન આપ્યું "એતો

મ્હેં અંદરથી દ્વાર બંધ કર્યું....જરા પણ ગભરાઓ નહિ. હવે તમે સુરક્ષિત છો. તમારા દેહને ઉની આંચ પણ આવવાની નથી. નિશ્ચિંતત સુઈ રહો. હું જાગતો બેઠો છું !"

એક કલાક જેટલો સમય વ્યતિત થતાં કલેકટર નિદ્રા ધિન થયો....નિદ્રાની મીઠી મજાનો અનુભવ થાય ત્યારે પહેલાં તેની ગળચી દબાઈ અને તેની આંખો ફાટી ગઈ: " કો....ઓણ ? "

" રામચંદ્ર ઝવેરી. " કલેકટરની છાતીપર ચ્હડી બેઠેલા રામચંદ્રે કહ્યું:

" ડીટેકટીવ અનંત ખુબીરાવના વેષમાં તમે મારા દિવાન ખાનામાં ઘુસી જવા પામ્યા ? "

" હા. "

"ઉઃ મ્હારૂં ગળું દબાય છે !ઓ....ઓ....મને છોડી દો."

" તારૂં ખૂન કરવું છે ! " એમ કહી રામચંદ્રે કમ્મરમાંથી એક તીક્ષણ જમૈયો બહાર કાઢયો અને ડોળા ફાડીને હોઠ પીસીને તે ઉગામ્યો.

" ઝવેરી મને માફકરો ! તમારો પીછો લેવામાં-તમને હેરાન કરવામાં મેં ભયંકર ભૂલ કરી છે. મને તેની માફી આપો. પરમાત્મા તમારૂં ભલું કરશે "

" નહિ. હું તને જીવતો છોડનાર નથી. તારૂં ખૂન કરવાની મેં પ્રતિજ્ઞા લીધી છે. અને એ પ્રતિજ્ઞા હું જરૂર

પૂર્ણ કરીશ...છેલ્લી તક આપું છું કે: પરમાત્માનું સ્મરણ કરી લે."

કલેકટરે જાણ્યું કે રામચંદ્ર પોતાને છોડનાર નથી. પછી તેણે બની શકયું તેટલા જોર ભેર અવાજે બોલવા માંડયું. "નિર્દય રામચંદ્ર! તું મ્હારૂં ખૂન કરીશ તેથી તને શું મળશે? નાહક માનવ હત્યાના ભયંકર પાપને શીરપર શા માટે વ્હોરે છે.?

"માનવ તણી હત્યા મંહી શાસ્ત્રો કહે છે પાપ છે;
"એ પાપના કરનારને અંતે મહા પરિતાપ છે;
"નિર્દય બની જે માનવી, દે જન જીવન પર કાપ છે;
"તે માનવી નિર્દય ઉપર અંતે તો સંતાપ છે,"

માટે મને તું છોડી દે....આટલું કરગર્યો છતાં—આટલી નમ્રતા જણાવ્યા છતાં જોતું મ્હારૂં ખૂનજ કરવા ઈચ્છે તો હોય તો ખુશીથી તારૂં શસ્ત્ર ચલાવ મને મારી નાખ.... મારૂં ખૂન કર! પણ યાદ રાખજે તું ભુંડા હાલે મૃત્યુ પામીશ. જીવતા કીડા પડશે, અને મૃત્યુ પછી તને બાળનાર પણ કોઈ મળશે નહિ; અર્થાત તારા દેહને ગીધ સમડા ફોલી ખાશે!....સમજાય તો સમજીને મને છોડી દે....તારી ચાલાકીની મને સંપુર્ણ ખાત્રી થઈ ગઇ છે. જો તું મને છોડી દે તો હું તને એક મ્હોટો હોદ્દો આપીશ. અને હું સદાને માટે તારો આભારી રહીશ."

'હું ખૂન કર્યા વિના સંતોષાવાનો નથીજ."

"તો તેમ કર તારા લલાટમાં "ઝેરી ઝવેરી"નું ભયંકર નામ અંકીત કર. ત્હારો આત્મ સંતોષ—ઓ....ઓ...."

જંમૈયાની તિક્ષણધાર કલેકટરની છાતીમાં ઉંડે પેસી ગઈ. આખો પલંગ લોહી લોહાણ થઇ ગયો. કલેકટર પાંચ મિનિટ તરફડી મૃત્યુ પામી ગયો. રામચંદ્રે, કલેકટરનું ખૂન કરી, તરત એક ન્હાની ચિઠ્ઠી લખી નાખી અને ડીટેકટીવ અનંત ખુબાંરાવનો વેષ પલટી નાખી કલેકટરનો વેષ લીધો. અને પછી કમાડ ઉઘાડી બહાર નિકળ્યો. બંગલાના દ્વાર પર રામચંદ્ર આવ્યો; સઘળા પોલીસોએ તેને કલેકટર જાણીને સલામ કરી ડીટેકટીવ અનંત, પોલીસોને ગોઠવવાનું પડતું મૂકી ત્યાં આવ્યો અને બોલ્યો: "કેમ સાહેબ ! બહાર આવ્યા ?"

"મ્હારા પગ પાસે આ અચાનક એક ચિઠ્ઠી પડી છે ! કોણ જાણે અંદર શું હશે ! મેં તે વાંચી પણ નહિ અને ડરથી અહિં દોડી આવ્યો છું !" એમ કહી રામચંદ્રે ખુનવાળી જગ્યાએ લખીને તૈયાર કરેલી ચિઠ્ઠી ડીટેકટીવને આપી. ડીટેકટીવ વાંચવા લાગ્યો. રામચંદ્ર બધાની નજર ચુકવીને ઉતાવળથી ત્યાંથી દોડી ગયો. અને થોડે દૂર ભીંતને અઢેળીને મૂકેલી સાયકલ પર બેસી પોતાના રસ્તે પડી ગયો.

ડીટેકટીવે ચિઠ્ઠી વાંચી:

" શ્રી. અનંત ખુબીરાવ !

" મ્હારી પ્રતિજ્ઞા મ્હેં પુરી કરી છે. કલેકટરનું ખૂન કર્યું છે. દિવાનખાનામાં જઈને જુઓ "

લિ૦ રામચંદ્ર ઝવેરી.

ચિઠ્ઠી વાંચીને બાજુપર દૃષ્ટિ કરે છે તો ત્યાં રામચંદ્ર ન્હોતો. ડીટેકટીવ તરત દિવાનખાનામાં ગયો. અને જુએ છે તો ત્યાં કલેકટર સાહેબ મ્હોં વિકાસીને મરણ પામેલા પડયા હતા !

" ઝવેરી બડો ચાલાક ! તે પકડાય એમ લાગતું નથી. આટલી ચોકસાઈ છતાં પોતાની પ્રતિજ્ઞા આબાદ પુરી કરનાર માણસ મારાથી પકડાશે નહિ. " આ પ્રમાણે વિચાર કરી તેણે જાહેર ખબર આખા સારંગપુરમાં ફેલાવી દીધી:

" રામચંદ્ર ઝવેરીને પકડવા મેં મારી સઘળી શક્તિને ખર્ચી નાખી છતાં તે પકડાયો નથી....માટે અમને વધુ તસ્દી નહિ આપતાં તેણે જાતે પકડાઇ જવું રામચંદ્ર જાતે આવીને હાજર થશે તો તેનો ગુન્હો માફ કરવા ઉપરાંત તેને ડીટેકટીવની પદ્દી અપાશે. "

લિ૦ ડીટેકટીવ અનંત ખુબીરાવ

રામચંદ્ર આ જાહેર ખબર વાંચી અનંત ખુબીરાવને મળ્યો. અનંતે તેન શાબાશી આપી. રામચંદ્રે કહ્યું: " કેશવલાલનું ખૂન પણ મેંજ કર્યું છે. તેની સ્ત્રી રંભા સાથે

આજ પાંચ વરસ થયા જીવનલાલના નામથી સંબંધ રાખી રહ્યો છું. રંભાને પણ મારા મુળ નામ અને મુળ સ્વરૂપની ખબર નથી. કેશવલાલ અમને નડતા હોવાથી મ્હેં તેનું ખૂન કર્યું હતું ! તમને મળેલા આવેલી ચિઠ્ઠીઓ ખુન કરીને પછી મ્હેં જાતે અને પોતેજ લખી હતી. મ્હને અભિમાન હતું. કે હું પકડાવાનો નથીજ. પરંતુ જ્યારે તમારી જાહેર ખબર મેં વાંચી ત્યારે હું જાતે અહિં હાજર થયો છું !"

ડીટેકટીવ અનંત ખુબીરાયે રામચંદ્રને શાબાશી આપી. અને ત્યારપછી પોતાના મદદનીશ તરીકે રામચંદ્રને નોકરીમાં રાખી લીધો. અનિચ્છા છતાં ડીટેકટીવના અત્યાગ્રહથી રામચંદ્રે નોકરીનો સ્વીકાર કર્યો. અને જતે દિવસે ડીટેકટીવનો ર.બ્લ—ઝેરી ઝવેરી—એના નામથી તે જાહેર થઇ ગયો.

# વાંચવા લાયક પુસ્તકો.

પૈસા કેમ કમાવા ?—થોડી મુડીમાંથી લક્ષાધિપતિ કેમ થવાય તેની સંપૂર્ણ સમજણ આ પુસ્તકમાં છે, કીં. ૧-૮-૦ રૂ. આ.

નઝીર ૧-૦

કુમાર પ્રકાશ ૨-૦

સ્વામી દયાનંદ સરસ્વતિ ૨-૦

૨૦૦ વર્ષનું પંચાંગ—વ્યાપારીઓ અને ધંધાદારીઓને અતિ ઉપયોગી છે. કીં. કાચા પુંઠાના રૂ. ૩ અને પાકા પુંઠાના રૂ. ૩॥

ભારતીય સામ્રાજ્ય ૨-૮

અમૃતાનંદ ભક્તિરસથી ભરપુર આખ્યાનનો સંગ્રહ ૩-૦

મનુસ્મૃતિ ૩-૮

સાહિત્યદર્શન -૧૨

સમાજ ૧-૦

પ્રભાત ૧-૮

બાદશાહી કથાકુંજ ૧-૦

## ઘેર બેઠાં અંગ્રેજી શીખવાના પુસ્તકો.

અંગ્રેજી અભ્યાસ—ગુજરાતી ઇંગ્રેજી અને ઇંગ્રેજી ગુજરાતી વાકયો વ્યાકરણના નિયમો, હંમેશા વપરાતા પુષ્કળ શબ્દોનો ભંડાર, કાગળ, ચીઠ્ઠી, તારના નમુના, અને બીજી અનેક બાબતો શીખવાનું સાધન કીં. ૧-૮

વિગેરે લખતાં શીખવાનું ૧-૮

અંબાલાલ સાકરલાલ કૃત મોટી ઇંગ્લીશ ઇન્ડુ ગુ. ડીક્ષનેરી ૭-૦

ધી પોકેટ ઇંગ્લીશ ઇન્ડુ ગુજરાતી ડીક્ષનેરી પૃષ્ઠ ૧૧૪૨ ૨-૮

ધી પોકેટ ગુજરાતી ઇન્ડુ ઇંગ્લીશ ડીક્ષનેરી પૃષ્ટ ૧૨૧૮ ૨-૮

નાની ઇ. ઇન્ડુ ગુ. ડીક્ષનેરી ૧-૦

વિચાર સાગર ૫-૦

સુધરેલી ગીતા ૨-૪

રાજપુત કથાકુંજ ૧-૮

શાંતિ નિકેતન ૨-૪

મુગ્ધ લક્ષ્મિ ૧-૯

રાજા છત્રસાલ ૨-૪

અનુપમ કુમારી ૨-૦

તનીકની સુંદરી ૪-૦

શ્રીમતિ વિજયા ૨-૦

સૌન્દર્ય જવાળા ભા. ૧-૨ દરેક ૧-૧૨

પ્રમાદવનની પ્રભુતા ૪-૯

મોહિની ૧-૮

રણઘેલા રજપુતો ૩-૦

સુબોધ રત્નમાળા ૨-૮

ગુજરાતી ટેલીગ્રાફ બુક ૨-૮

સોસાયટીનો રથ ૨-૮

માયાવી મોહિની ૪-૦

**બુકસેલર રણછોડલાલ મોતીલાલ શાહ.**

**રીચીરોડ અમદાવાદ.**

| | |
|---|---|
| ભજનશીરોમણી પાનાં ૨૫૬ કી. ૦-૧૦-૦ | દયાની દેવી સચીત્ર ૦—૬-૦ |
| પવિત્ર લીલાવતી (હરીગીતમાં) ૦-૬-૦ | નળદમયંતી સચિત્ર ૦-૧૦-૦ |
| સતી તારામતી ,, ૦-૧૦-૦ | પંચીકરણ ગુજરાતી ૧-૮-૦ |
| કોણ ચાલાક ? ૦-૧૦-૦ | શુદ્ધ કાવ્ય દોહન કોં. ૧-૮-૦ |
| સદેવંત સાવળીંગા ૦-૧૦-૦ | સાચો સવાશેર ૦-૮-૦ |
| ન્યુ ખુબસુરત ગાયનમાળા સચિત્ર ૦-૮-૦ | સંત સમાજ ભજનાવલી સચીત્ર કોં ૧-૦-૦ |
| મોટી ન્યુ ખુબસુરત ગાયનમાળા ૦-૧૨-૦ | બત્રીસ પુતળી મોટી પાકુ પુંઠું સચિત્ર ૩-૦-૦ |
| વિજયા વિજય ૦-૧૦-૦ | "શોભના" સચીત્ર ૦-૬-૦ |
| સુદામાજી સચીત્ર ૦-૧૦-૦ | રણછોડ લીલા ભાગ ૧-૨ સચીત્ર દરેકના ૦-૬-૦ |

ગજરામારૂ, ગુલાબ કાવળી, મનાસકસ્તુરી, સુંદરકામદાર દરેક સચિત્ર કી. ૦-૮-૦

## પુસ્તકો વેચનાર વ્યાપારીઓને સુચના.

હાલમાં અમોએ સારાં, સસ્તાં ને સચિત્ર પુસ્તકો બહાર પાડ્યાં છે. નવાં નવાં સચિત્ર તરેહવાર પુસ્તકો બહાર પડતાં જાય છે. આપ આપનું નામ નોંધાવશો તો છપાતાં નવાં પુસ્તકો જણાવતા રહીશું.

## ગામેગામ એજન્ટ જોઈએ છે.

તમો બીજો વ્યાપાર કરતા હો તેની સાથે વીસ પચીસ રૂપીયાના અમારાં સારાં સસ્તાં ને સચિત્ર પુસ્તકો રાખશો તો ટુંકી મુડીમાં ઘણો સારો નફો મેળવી શકશો.

**ઉપરનાં તમામ પુસ્તકો તથા બીજા દરેક પુસ્તક મળવાનું સ્થળઃ—**

# બુકસેલર રણછોડલાલ મોતીલાલ શાહ.

રીચીરોડ—**અમદાવાદ.**

(વાંચો)
સચિત્ર

# જીવતી ચૂડેલ

કી. ૦-૮-૦



બુકસેલર રણછોડલાલ મોતીલાલ, રીચીરોડ—અમદાવાદ.

આ બુક મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં મોતીલાલ ગણપતરામે છાપી
ઠે. પાનકોરના નાકે ઘાંચીની વાડી—અમદાવાદ.